RATAN JATAN : COLLECTION OF GUJARATI


PATNI, CHIRANTAN

VISIT...

LANZAROTE Caliente.COM

રતનજતન

- ચિરંતન પટ્ટણી
"પ્રાર્થક"




BOOKS
HOUSE1
HTTPS://T.ME/BOOKSHOUSE1

“ રતન જતન ”

બાળવાર્તા સંગ્રહ

-

:-::- :- લેખક - પ્રકાશક : ચિરંતન હરિપ્રસાદ પટ્ટણી

: ઘરનું સરનામું:
ૐ શિવ રત્ન', ડી - ૧૪૭,
વૃંદાવન ટાઉનશીપ, ગોત્રી વાસણા રોડ,
વડોદરા - ૩૯૦ ૦૧૫.

“ રતન જતન” -બાળવાર્તા સંગ્રહ

"R A TAN JATAN":

***A collection of Stories** for Children*
By Chirantan Hariprasad Patni

લેખક પ્રકાશક: ચિરંતન હરિપ્રસાદ પટ્ટણી "પ્રાર્થક"
ૐ શિવરત્ન" ડી-૧૪૭, વૃંદાવન ટાઉનશીપ,
ગોત્રી વાસણા રોડ,
વડોદરા-૩૯૦ ૦૧૫.

ચિત્રકળા - જયંતી સોલંકી
પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર, ૨૦૦૫
પ્રત : ૫૦૦ નકલ
કિંમત : રૂ.૪૮/-
.
મુદ્રણ :- રાકેશ પ્રિન્ટરી, વડોદરા.

વિશેષ: "ગુજરાત સાહિત્ય અકાદમીની આર્થિક સહાયથી પ્રકાશિત"

દુર્ગેશ, આ ભેટ તુજને સંબોધું,
સદા હૃદયમાં રહીશ તું બંધુ
પ્રકાશ પ્રજજવલિત કરી ગયો તું,
તુજમાં ઇશ્વર જોઇ ગયો હું
નિર્દોષ બાળનું હૃધ્ય છે દર્પણ
"રતન જતન" તુજ ને છે આપણા

- ચિરંતન પટ્ટણી "પાર્થક"-



"રતનજતન" - લેખક પરિચય

બાળકોમાં નિર્દોષતા, કુમારોમાં જીજ્ઞાસા અને ખમીર, યુવાનોમાં પ્રેમાળતા અને પ્રૌઢોમાં પરમતત્વ શોધી રહેલ આ ચિરંતન. ચિરંતન એટલે ચિરકાલીન, જૂનું કે પ્રાચીન.
વધુ કહું તો પૂજ્ય પિતા "હરિપ્રસાદ" તેમ જ પૂજ્ય માતા "વિણા"ના સુયોગથી તા.૨૭મી જૂન ૧૯૫૯નાં રોજ ભૂજ, કચ્છ, ગુજરાત ખાતે વડનગરા નાગર કુટુંબનો ઇશ્વર પ્રસાદ. મોસાળ પક્ષમાં પૂજ્ય શ્રી કુન્દનલાલ વજેશંકર માંકડ, નાનાશ્રીથી વહેતી થયેલી સાહિત્ય, સંગીત, કલા, ચિત્રકામ, વેદાંત, યોગની સરવાણી "ચિરંતન"ની ગળથુથીમાં પણ ફરી વળે તે સહજ છે.
કુમળા શૈશવ કાળે "દુર્ગેશ", નાનાભાઈ સ્વરૂપનું ફૂલ ઈશ્વરના હૃદયમાં વસી ગયું , જેના પ્રત્યે તેને અતિ હેત હતું. પરંતુ, તેના દેહવિલય સમયે જ ઈશ્વરના દર્શનની પ્રતીતિ થઈ અને આ હૃદય બાળકોની નિર્દોષતામાં સદાને માટે સ્નેહ શોધતું રહ્યું. જીવનમાં આ પરિવર્તન ઈશ્વરના કોઈ રચનાત્મક કર્મ અંગે સંકેત કરી ગયું. ત્યારબાદ ભાવના અને મનિષા એમ બે બહેનોના વાત્સલ્ય ઝરણાંઓ ઘરઆંગણે વહેવા લાગ્યાં.
જન્મબાદ મલાડ, મુંબઈનો રહેવાસી થયો, જયાં ૩૬ વરસ સુધી અભ્યાસ અને કારકિર્દી ઘડાતી રહી. શૈશવકાળમાં જ પહેલી કવિતા, "મન વિહિન કશું નવ થાય" સ્વતઃ સ્ફુરિત થઈ અને જન્મ લેતાં જ કલમથી સીધી, "કચ્છ મિત્ર" દૈનિક સમાચાર પત્રમાં કંડારાઈ ગઈ. આમ, "પ્રાર્થક" ઉપનામથી પ્રાર્થનાના પહેલા શબ્દો સાહિત્ય આકાશમાં ગૂંજી રહ્યા. જે પછીથી "મુંબઈ સમાચાર" અને "જન્મભૂમિ પ્રવાસી" સાપ્તાહિકોમાં પણ પડછાયા કર્યા.
અંધેરી, મુંબઈ સ્થિત ચિન્નાઈ કોલેજ, વાણિજ્ય ફેકલ્ટીમાં (૧૯૭૯) તેમ જ કાયદાક્ષેત્રની ઉપાધિ મુંબઈ યુનિવર્સીટીમાંથી મેળવી. તેમજ બીઝનેશ મેનેજમેન્ટની પરીક્ષા ઉત્તમ ગુણાંકથી (૧૯૮૨)માં સફળતા મેળવી "અર્જુન ખીમજી" એવાર્ડ "ઇન્ડીઅન મરચન્ટસ્ ચેમ્બર્સ દ્વારા એનાયત થયો. "કંપની સેક્રેટરી" (સી.એસ)ની પ્રોફેશનલ ઊપાધિ "ધી ઈન્સ્ટીટયુટ ઓફ કંપની સેક્રેટરીસ ઓફ ઇન્ડીઆ,, ન્યુ દિલ્હી, દ્વારા પ્રાપ્ત થઈ અને તે કર્મક્ષેત્રમાં પગલાં મૂકયાં.
ચિન્નાઇ કોલેજના શિક્ષણ દરમ્યાન જ પૂજ્યશ્રી માનનીય ગુલાબદાસ બ્રોકર, માનનીય સાહિત્યકારના સાન્નિધ્યમાં કવિ સંમેલનમાં કાવ્યનું પ્રથમ પાંદડું ખુલ્યું, આમ ધીમે ધીમે સાહિત્યની સફર શરૂ થઈ.
પિતાજીના અચાનક દેહાંતથી કુટુંબની જવાબદારી ઘેરી વળવાથી સાંસારીક કારકીર્દી પ્રત્યે વધુ ધ્યાન આપવું પડયું, તે દરમ્યાન ચિરંતનની સંગિની મનિષા બાવીસમાં વરસે લગ્નગ્રંથિથી જોડાઇ. ત્યારબાદ શ્રીલેખા અને ખ્યાતિ એમ બે કન્યા રત્નોનો ઉદય થયો.
મુંબઈ ખાતે અભ્યાસકાળ દરમ્યાન જ નાના દરજ્જા એટલે "ઓડીટ કલાર્ક"થી કારકીર્દીની શરૂઆત કરતાં સરસ્વતી દેવીના આશીર્વાદ થકી અગાઉ જણાવેલ ઊપાધિઓ અને અનુભવના આધારે "કંપની સેક્રેટરી" તરીકે ખ્યાતનામ કંપનીઓમાં સેવા કરવાનો અવસર પ્રાપ્ત થયો .

પાંત્રીસ વરસ સુધી મુંબઈની સંઘર્ષમયી જીવન કારકીર્દી રહી. છતાં આ ચિરંતનની અંદર છૂપાયેલ કવિ અને લેખકની ઊર્મીઓ વારંવાર ડોકિયાં કરતી અને લેખન પ્રવૃત્તિની ધારા વહીજ રહી હતી.

છત્રીસમાં વરસે એટલે ૧૯૯૫માં વડોદરાની સંસ્કારી નગરીનું તેડું આવ્યું. કર્મક્ષેત્ર અહીં સ્વતઃ ભેટ આપવા માગતું હતું. મુંબઇના દોડધામના જીવનથી દૂર અહીં અથાગ પરિશ્રમ વચ્ચે પણ જીવનમાં કાવ્યો, લેખો, વાર્તાઓની રચનાઓને વેગ મળ્યો. સાહિત્યની દેવી સરસ્વતી માતાના આશીર્વાદથી જીવનમાં વધુ રચનાઓ સ્વતઃ સ્ફૂરતી રહી.
ત્યારબાદ વડોદરા ખાતે ગુજરાત ઇન્ડસ્ટ્રીઝ પાવર કાં.લી.માં અને ત્યાર પછી પૂર્વવત ગુજરાત વિધુત બોર્ડ (જીઇબી)ની પ્રસ્થાપિત કંપની "ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસિટી કોર્પોરેશન લીમીટેડ"માં ૧૯૯૮ થી ૨૦૦૩ સુધી " કંપની સેક્રેટરી" તરીકે અને હાલમાં પૂર્વવત ગુજરાત વિધુત બોર્ડની અન્ય પ્રસ્થાપિત કંપની "ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડમાં "કંપની સેક્રેટરી" તરીકેની મેનેજમેન્ટ સેવા કરવાની તક આપી છે, જેનો હું હૃદયપૂર્વક ઋણી છું. છેલ્લા કેટલાક સમયથી બાળકાવ્યો અન્ય કવિતાઓ, બાળવાર્તાઓ અને "રતનજતન" પુસ્તકમાં ટૂંકી વાર્તાઓ, તેમ જ લેખો લખવાની પ્રવૃત્તિ નોકરી સાથે વિસ્તરી રહી છે. ૧૯૯૭ થી આકાશવાણી, વડોદરા રેડીયો સ્ટેશન ઉપરથી "અમૃતધારા" (ટોક) વાર્તાલાપ પ્રસારિત થતા રહે છે. તેમ જ "ગ્રંથગોષ્ઠી" અને "સિનિયર સીટીઝન્સ"ના પૂજ્ય વડીલોએ મને તેમની સમક્ષ આધ્યાત્મિક ક્ષેત્રમાં તેમની સમક્ષ વાર્તાલાપ કરવાનો એક મંચ આપ્યો છે . તેમનો આ અલ્પજ્ઞાની વિદ્યાર્થી સદા આભારી રહેશે. તે સાહિત્યક્ષેત્રમાં મારી મૌલિક બાળવાર્તાઓને પ્રથમ પુસ્તકરૂપે "રતનજતન" ના શીર્ષક હેઠળ બાળકોના હૃદય સુધી પહોંચાડવાનો પહેલો પ્રયાસ છે. ભારતની સંસ્કૃતિ આપણને વારસામાં રત્નરૂપી સદગુણોથી નવાજી રહી છે પરંતુ આ સંસ્કૃતિના રસમાં બીજા અન્ય દેશોની સંસ્કૃતિના રસ પણ ભળી ગયા હોવાથી આપણી સંસ્કૃતિના રત્નરસમાંથી, રસકસ અર્થાત્ સત્વને ઊગતાં બાળકો સમક્ષ મૂકવા જરૂરી બની ગયા છે. અંતતઃ એ રત્નખજાનાનું શકય એટલું નિઃસ્વાર્થ જતન કરવા નિમિત્ત માત્ર થઈ બાળકોના નિર્મળ હૃદયસરોવરમાં સ્થાન મેળવવાની જીજીવિષા ચિરંતન રહેશે.

અસ્તુ.

ચિરંતન હરિપ્રસાદ પટ્ટણી - " પ્રાર્થક
ડી-૧૪૭, વૃંદાવન ટાઉનશીપ,
ગોત્રી વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૫.

રતનજતન" કૃતિ પરિચય

રતન જતન" એટલે ટૂંકમાં રત્નોની સંભાળ, રક્ષણ કે કાળજી કરવી એવો થાય છે.

આપણા ભારતખંડમાં જે પૂર્વેથી અર્થાત્ રાજા ભરતના યુગથી ભેટ મળેલી આપણી મૂળભૂત સંસ્કૃતિનું જતન એ આપણા સૌનું પ્રથમ કર્તવ્ય છે. ભારતની આપણી આ સંસ્કૃતિ વિશ્વભરમાં આજે પણ પૂજાય છે.

પરંતુ સમયના ચક્રવાતમાં આપણી ભારતની મૂળભૂત સંસ્કૃતિના રસમાં અન્ય દેશોની સંસ્કૃતિઓનો રસ પણ ઘણો ભળ્યો છે. આને કારણે ભારતના મૂળભૂત રત્નરૂપી સગુણો અને સંસ્કૃતિનો અમૃત રસકસ અર્થાત્ સત્વ લુપ્ત ન થઈ જાય તેથી આજના સમયે તેનું જતન કરવું અતિ આવશ્યક છે. ભારતની આ પુરાતન અને દિવ્ય સંસ્કૃતિ જાણે સમુદ્ર મંથન દ્વારા નીકળેલા ચૌદ અમુલ્ય રત્નો સમી છે . આજના સમયના બદલાતા પવનમાં જાણે તે વિખરાઈ જતી હોય તેવું લાગી રહ્યું છે. પરંતુ, શ્રીરામને અર્પણ કરવા કેટકેટલાંય બોર ચાખ્યા બાદ શબરીને તેની મીઠાશની પરખ થઈ અને તે મધૂર બોરનો પ્રસાદ જેમ શ્રીરામને હૃદયપૂર્વક અર્પણ કર્યો, તેવી જ રીતે અહીં "રતનજતન" દ્વારા આજની પેઢીના બાળકો માટે વીણેલાં ટૂંકી વાર્તારૂપી મધૂર રત્નોનો થાળ પીરસવાનો પ્રયત્ન છે.

આપણા આ ઊગતા છોડ જેવા કોમળ, નિર્દોષ બાળકોને વાર્તાઓ સાંભળવા અને વાંચવાનો ઘણો જ શોખ હોય છે. વળી તેમના મનમાં અનેક સવાલો સમુદ્રના મોજાંની જેમ ઊછળતા હોય છે. તેમની જીજ્ઞાસાવૃત્તિ પણ સમજી શકાય તેવી છે.
સમુદ્રને વલોવતાં જે ચૌદ દુર્લભ વસ્તુઓ નીકળી તેવી રીતે બાળકોની આ જીજ્ઞાસા અને સવાલોના દરિયામાંથી મનોમંથન કરતાં શકયતઃ બૌદ્ધિક સદગુણોના રત્નોને આવરી લેતી ટૂંકીવાર્તાઓ તેમના સમક્ષ અર્પણ કરવાનો આ મારી વિનયપૂર્વકનો યત્ન છે. .
. વિકસીત થતા બાળકોમાં આવા સુદ્રઢ બીજનું વાવેતર થાય અને મનરૂપી હળથી ખેડાણ થાય તો તેઓમાં દરેક જીવ પ્રત્યે દયા, સાચો પ્રેમ, બુદ્ધિચાતુર્ય, સંતોષ, કળાની કદર, મહેનતનું મૂલ્ય, તરૂવર, પશુ, પંખી અને પ્રકૃતિ સાથેની મિત્રતા, પર્યાવરણની અગત્યતા, નિયમિતતા, સુવિચારોની શકિત, દ્રઢ મનોબળ, અંતરની સાચી ભાવનાનું ફળ, યશ વહેંચવાથી સંઘબળ વધે તેમજ સત્ય અને નિખાલસતાથી કોયડાના શ્રેષ્ઠ ઉકેલ જેવા ચૌદ રત્નો બાળકોનાં નિર્દોષ પ્રેમ અને એમના મુખ ઉપર ઊભરતા મધૂર સ્મિત સતત મારી જિગીષાના વિષય રહ્યા છે. આ સાહિત્ય સર્જન દ્વારાએ બન્નેને જીતીને સમાજના નવઘડતરમાં મારો હૃદયપૂર્વકનો ફાળો આપવાનું પ્રયોજન સિદ્ધ થાય એ આ આખા આલેખનો ઉદ્દેશ રહ્યા છે.
આપણા બાળકોના પાયાના ચણતર દરમ્યાન જ તેમનું માનસ સબળ, મજબૂત અને સદગુણો સભર બને જેથી આગળ જતાં તે બાળકોના વ્યકિતત્વ કુટુંબ, ગામ, શહેર, દેશ અને વિશ્વમાં એક નવો જ અભિગમ અને દષ્ટિકોણ આપવાની તીવ્ર અંતર ઈચ્છા અને પ્રેરણાને ટૂંકી વાર્તાઓના મૌલિક કૃતિના સ્વરૂપમાં રત્નમાળાની જેમ ગૂંથી છે. આ રત્નોરૂપી ભારતની અમૂલ્ય સંસ્કારોનું અને સદગુણોનું જતન કરી ભારતની સંસ્કૃતિને ફરી સોનેરી યુગ તરફ લઈ જવાના, નિઃસ્વાર્થ પ્રયત્નમાં હું પોતાને ઇશ્વરની વાણીનો નિર્મિત માત્ર જ સમજુ છું, કારણ, મારી અંદર રમતું આ નિર્દોષ બાળક બીજા બાળકોને તો શું બોધ આપે ? તે માત્ર રતન જતનની પ્રાર્થના જ કરી શકે તેથી જ તો એ "પ્રાર્થક" છે.

આ ટૂંકી બાળવાર્તાઓ દ્વારા બાળકોના હૃદય સુધી પહોંચવાની જિગીષાનો ઉદય તો ઘણાં

સમયથી થયો હતો. પરંતુ આ સંકલ્પને ટૂંકી વાર્તાઓને, બાળવાર્તાઓના પુસ્તકના રૂપમાં પ્રગટ કરવી, તે સાકાર કરવામાં શ્રી સનતભાઈ દવે, શ્રીમતી મીતાબેન દવે તેમજ આ વાર્તાઓને સુસંગત કરવામાં જેમનો ફાળો છે તેવા શ્રી બકુલભાઈ મેકવાનનો હું હૃદયપૂર્વક ઋણી છું.

આશા છે કે બાળકોના માનસના ઘડતર અને ચણતરમાં સાત્વિક સદ્‌ગુણોથી જડેલી આ ટૂંકી વાર્તાઓ દ્વારા તેમના માનસ વિકાસનાં અંકૂર ફૂટશે તેવી ઇશ્વરને પ્રાર્થના કરું છું અને સબળ સમાજનું ગઠન થાય તેવી મહેચ્છા છે, કારણ આ જ બાળકો આવતી કાલના સુવર્ણ યુગ ભારતના ઘડવૈયા થશે.

ચિરંતન હરિપ્રસાદ પટ્ટણી - "પ્રાર્થક"
ડી-૧૪૭, વૃંદાવન ટાઉનશીપ,
ગોત્રી વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૫.



પ્રસ્તાવના:
વિશ્વાસના વાવેતરની સંનિષ્ઠ પ્રયાસ

'રતનજતન' બાળવાર્તા સંગ્રહના લેખક શ્રી ચિરંતન હરિપ્રસાદ પટ્ટણી "પ્રાર્થક" ભારતીય સંસ્કૃતિને સોનેરી યુગ તરફ લઈ જવા તેમજ "સબળ સમાજના નિર્માણ માટે પ્રત્યેક બાળક સામાજિક - સાંસ્કૃતિક અને પરંપરાગત નૈતિક મૂલ્યોનો મર્મ પામે તેવી ખેવના સહ એકવીસ બાળવાર્તાઓનો સંગ્રહ લાવ્યા છે. એમના આ સંનિષ્ઠ પ્રયાસને આવકારતાં આનંદ થાય છે.

છેક બચપણમાં એમના લઘુબંધુ દુર્ગેશના અકાલ દેહવિલયે શૈશવાવસ્થાની એમની કૂમળી ચેતના – સંવેદના પર એવી તે ઘેરી અસર કરી, જેને લીધે બાળકો સદાયે લેખકના અંતઃસ્તલમાં શાશ્વત નિવાસ કરી ગયા છે.

વિધાભ્યાસ પારિવારિક અને વ્યવસાયિક જીવનની ઘટમાળ દરમ્યાન પણ પુષ્પોની જેમ

બાળકોનું જતન સુપેરે થાય તો એવાં બાળકો દ્વારા રાષ્ટ્રનું જતન થાય, એવી ઉત્કૃષ્ટ વિચાર ધારાને આ "રતન જતન" બાળવાર્તા સંગ્રહ દ્વારા પુષ્ટિ આપવાનો એમણે યથાર્થ પ્રયાસ કર્યો છે.

આજે જે ઝડપથી યુગ પરિવર્તન થઈ રહ્યું છે અને સમાજ મુખ્યત્વે , અર્થપ્રધાન ધ્યેયને જ લક્ષમાં રાખતાં "સ્વકેન્દ્રી' થઈ રહ્યા છે ત્યારે બાળકો ખરા અર્થમાં માબાપથી દૂર થતાં જાય છે જાણે કે બાળકો અટલાં - એકલાં, નિઃસહાય અને અતડાં બની રહ્યાં છે.

બાળકોના ઉછેર પાછળ પ્રત્યેક મા-બાપ પોતાનાથી શકય તેટલું ધન ખર્ચવા હરપળે તૈયાર છે. પરંતુ એના મનની માવજત પ્રત્યે દુર્લક્ષ લેવાતું ચોમેર નજરે પડે છે, પરિણામે લાગણીહીન, મૂલ્યવિહીન, કેવળ માહિતીના જીવતાં-જાગતાં સંગ્રહસ્થાનનો ભાસ થાય છે. બાળકો જાણે ખુદ જ મોટેરાંઓના રમકડાં બની રહ્યાં છે . આવાં ચાવી દીધેલાં કે એકાદ નાના સેલ દ્વારા હરતાં – ફરતાં, બોલતાં - ચાલતાં યાંત્રિક બાળકો કોઈપણ રાષ્ટ્ર કે સમાજની કમનસીબી ગણાય !
આવાં બાળકો યુવાની તરફ પગ માંડે છે ત્યારે ગમે તે રાહ પર ચડી જાય છે. પરિણામે સમાજમાં વિષાદમય વિડંબના સર્જાય છે. એ હકીકતને લક્ષમાં રાખીને ભાઇશ્રી ચિરંતન પટ્ટણી, પ્રસ્તુત વાર્તા સંગ્રહની પ્રત્યેક વાર્તામાં અને વાર્તાને અંતે કોઈને કોઈ મૂલ્ય" તરફ આંગળી ચીંધે છે. એમ "રતન જતનની વાર્તાઓ વાંચતાં ફલિત થાય છે.
પ્રસ્તુત સંગ્રહની બાળવાર્તાઓ વિષય-વસ્તુ અને ભાષા-શૈલીની દ્રષ્ટિએ અનોખી જણાય છે. અહીં ચીલા ચાલુ બાળવાર્તાઓ જોવા મળતી નથી. બાળકો આ વાર્તાઓ દ્વારા દયા, કરુણા, વાત્સલ્ય ચતુરાઈ પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ, પ્રકૃતિ સાથે મિત્રભાવ અને જીવનમાં સત્ય અને પ્રમાણિકતા, કેળવતાં થાય કુટુંબ પ્રેમ અને લાગણી ભર્યા સંબંધો કેળવવાની સાથે ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોની રખેવાળી કરતાં થાય તે માટે નાવીન્ય પૂર્ણ અભિગમ એમના જીવનમાં દાખવતા થાય, સગુણ અને સંસ્કારના સિંચન દ્વારા મૂલ્યો રૂપી "રતનનું જતન' જીવન પર્યંત કરતાં રહે તેવી લેખકની નેમ સંગ્રહની કેટલીક વાર્તાઓમાં સહજ રીતે તો કેટલીક વાર્તાઓમાં આયાસ પૂર્ણ રીતે થયેલી, જોવા મળે છે, તેમ છતાં લેખકના સર્જનમાં કયાંય આડંબર નજરે પડતો નથી.

લેખકને જે કહેવું છે તે સીધી - સાદી, સરળ ભાષામાં બાળ મનોભૂમિનું યોગ્ય રીતે ખેડાણ થાય તે રીતે વાર્તાઓ લખાઈ છે. આજના બાળકો પરિપકવ નાગરિક બને ત્યારે એમનામાં થયેલો વિશ્વાસના વાવેતર'નો પરિપાક કુટુંબ, ગામ, શહેર કે રાષ્ટ્રને સહજ રીતે પ્રાપ્ત થાય એવી શ્રધ્ધાના બળ પર સંગ્રહની વાર્તાઓનું સર્જન થયું હોવાનું પ્રતીત થાય છે.
બાળ સાહિત્યના સર્જન કરતા પહેલાં સર્જકે ઘણી સાવધાની રાખવાની હોય છે, બાળ માનસ તેની વય કક્ષા રુચિ ભેદ, સહજ અનૂભૂતિ - સંવેદન - શીલતા અને કૌટુંબિક તેમજ સામાજીક પર્યાવરણથી માંડીને તેના શારીરિક વૃધ્ધિ-વિકાસની સાથે સાથે માનસિક વિકાસને પણ ધ્યાને લેવાનો રહે છે. અવરોધક પરિબળો બાળકને નિષેધાત્મક વલણો તરફ દોરી ન જાય એની તકેદારી રાખવી પડે છે.

કોઈપણ સાહિત્ય પ્રકારમાં સીધો ઉપદેશ છેવટે કારગત નીવડતો નથી. બાળકો માટેના સાહિત્યમાં આ બાબતે મતભેદ હોવાનું કહેવાય છે, કેમકે બાળકો આવા બોધનો ક્ષણિક સ્વીકાર કરીને એને વીસરી જાય છે, પરંતુ વાર્તાના પાત્રો સાથે બાળકનો સંબંધ મિત્રતામાં પરિણમે તેવી રીતે એનું સર્જન થયું હોય તો બાળકના માનસ પર એની ચિરંજીવ છાપ પડે છે, જેના દ્વારા લેખકને અભિપ્રેત મૂલ્યોનું સંરક્ષણ થાય છે. આ બાબત બાળ સાહિત્યના સર્જકે

હંમેશા લક્ષમાં રાખવા જેવી છે.

જો કે શ્રી ચિરંતન પટ્ટણીના પ્રસ્તુત વાર્તાસંગ્રહમાં રતનજતનમાં વિષય વૈવિધ્ય અને કલ્પના પ્રચુરતા જોવા મળે છે.
'તરુવરના ઋણ' કૃતિ દ્વારા નાના છોડ, વૃક્ષ કે વનસ્પતિ માનવ સ્વાથ્ય માટે કેટલા ઉપયોગી છે તેની વાત એવી રીતે રજૂ કરી છે કે બાળકને છેક બચપણથી જ પ્રકૃતિ તરફ વિશિષ્ટ આકર્ષણ ઉદ્દભવે અને તેનું મૂલ્ય તેને સમજાય.

એ જ રીતે વિચારની શકિત નિયમિતતાનો જાદુ કે મનની તંદુરસ્તી" જેવી વાર્તાઓ દ્વારા બાળકોને વૈજ્ઞાનિક મિજાજ કેળવવા તરફ દોરી જવાનો લેખકે સુપેરે પ્રયાસ કર્યો છે.

રતનજતન'ની વાર્તાઓ બાળકોને 'શેખચલ્લી' બનતાં અટકાવે તેવી છે. એટલું જ નહીં 'તરંગી' બનીને જીવનમાં નિષેધાત્મક વલણોથી દૂર રહે તેની તકેદારી સાથે જાયે - અજાણ્યે લખાઈ હોવાનો ભાસ થાય છે.

બાળ સાહિત્યના સર્જનમાં કેટલાંક ભયસ્થાનો છે એનાથી પ્રત્યેક સર્જકે વેગળા રહેવું જોઈએ. બાળકો માટેનું સાહિત્ય સર્જન વિધેયાત્મક હોય તે ખૂબ આવશ્યક છે.

આસુરી તત્ત્વો, કાલ્પનિક ચમત્કાર, ભૂત-રાક્ષસ, જાદૂઈ ગપગોળા અને જીવનમાં વાસ્તવિકતાથી અળગાં રાખનારા પરિબળો પર આધારિત સર્જન બાળકો પર વિઘાતક અસર કરે છે એવું જણાયું છે. રતનજતન' ના સર્જક પણ આવા પરિબળોથી મહંદ અંશે દૂર રહ્યા છે તે ખૂબ સારી વાત કહેવાય.

સાહિત્ય આખરે તો જીવનની આરસી છે એટલે વાસ્તવિક જીવનમાં જે હરહંમેશ અનુભવાય તે સાહિત્ય સર્જનમાં આવે. - બાળકોમાં સુટેવોનું ઘડતર થાય અને સંસ્કારોનું આપોઆપ સિંચન થાય તે માટે બાળકને વૈજ્ઞાનિક સત્યની સાથે કોઇપણ વાદ કે વિવાદથી પર રાખે તેવું સાહિત્ય પીરસાય તે ખૂબ જરૂરી છે.
કોઈપણ રચનામાં દંભ, દર્પ, ક્રોધ, વિકૃત તરંગો, બિહામણા કલ્પના ચિત્રો, અનીતિનો વિજય કે પરંપરાગત મૂલ્યોનો હ્રાસ કરતાં શબ્દ - ચિત્રો, બાળકોના લાગણી તંત્રને ઉશ્કેરીને એને તંગ બનાવે છે.

'રતનજતન વાર્તા સંગ્રહની પ્રત્યેક વાર્તા બાળકને હળવું ફૂલ પ્રસન્ન બનાવે તે રીતે લખાયેલી છે.
એજ રીતે બાળકોને "ડાહા ડમરાં બનાવી દેવાનો આગ્રહ પૂર્વકનો પ્રયાસ આ વાર્તાઓમાં થયો નથી એ પણ નોંધનીય બાબત છે.

સદભાગ્યે શ્રી ચિરંતન પટ્ટણી સર્જિત "રતનજતન' બાળવાર્તા સંગ્રહ એમનો પ્રથમ સંગ્રહ હોવા છતાંય આવાં ભયસ્થાનોથી તેઓ મહદ્ અંશે દૂર રહ્યાં છે તે આનંદની વાત છે.

શ્રધ્ધા છે કે રતનજતન બાળકોની સાથે મોટેરાંઓને પણ પસંદ પડશે, અને સાહિત્ય ક્ષેત્રે શ્રી ચિરંતન પટ્ટણી ઉત્તરોત્તર સફળતાના સોપાનો સર કરશે.

અસ્તુ

ચન્દ્રનાથ અમદાવાદ તા.૧૬- ૭- ૨૦૦૫
ચન્દ્રકાન્ત એન. દવે (નિવૃત્ત- જિલ્લા શિક્ષણાધિકારી)
ડી-૨૦૪, સ્મિતા એપાર્ટમેન્ટ,
ટાઇમ્સ ઓફ ઇન્ડિયા પ્રેસ રોડ,
(વેજલપુર) અમદાવાદ - ૩૮૦ ૦૫૧.

અનુક્રમણિકા
ટૂંકી બાળવાર્તાઓ

૧. મધુર કંઠનું અભિમાન



એક ગામ હતું. તેનું નામ સ્વર્ણપુરી. તેમાં લીલી મજાની વાડીઓ હતી, તે ગામમાં એક મોટું ઝાડ હતું. તેમાં કોયલ અને મેના રહે. કોયલ તો મીઠાં મધુર ગીતો સંભળાવતી. મેના પણ મધુરાં ગીતો ગાતી અને કોયલને સાદ પુરાવતી હતી..

એક દિવસની વાત છે,

તે કોયલ કહે, "મેના, હવે આપણે આ ગામમાં નથી રહેવું. અહી આપણાં ગીતો સાંભળનાર કોઈ નથી. ચાલ, આપણે બન્ને શહેર તરફ જઇએ, અને આપણાં કંઠની કરામત દેખાડીએ."

મેના કહે, "ના... હો , કોયલ ! આપણે અહીં કેટલાં આનંદમાં રહીએ છીએ. આપણે પોતાને સંતોષ થાય એટલે ગાઈએ છીએ. જો સાંભળનાર હોય, તો ખુશામત કે ટીકા કરે અને તેના મનમાં આવે તેમ કરતાં, આપણે તેનાં ગુલામ થઈ જઈએ, અને આપણી આઝાદી જાય માટે આપણે અહીં નિજાનંદમાં જ રહીએ."

પરંતુ કોયલે તો હઠ જ પકડી કે જવું એટલે જવું.

મેના કહે, "ઠીક છે, ચાલ, તું મિત્ર છે, એટલે સાથ આપું છું."

બન્ને ઉડતાં ઉડતાં મધુર કંઠે ગાતાં ગાતાં શહેરમાં આવી પહોંચ્યા, અને એક મોટા બંગલામાં પ્રવેશ્યાં. તેની આસપાસ લીલાંછમ વૃક્ષો હતા. કોયલે તો બસ પોતાનાં કંઠની કરામત વિવિધ

ગીતો ગાઈ બતાવવા માંડી. બંગલામાં સૌ લોકો જોવા બહાર નીકળ્યાં.મેના તો ગભરાઈ ગઈ, તેણે ગાવાનું બંધ કરી દીધું. કોયલને તો અભિમાન આવી ગયું. બંગલામાંથી એક નાનું બાળક પણ સાંભળવા આવ્યું હતું.

તેણે તો હઠ પકડી, કે મારે આ પક્ષીને પાંજરામાં પુરવું છે. માલિકે નોકરને કોયલને પકડી લાવવા કહ્યું. કોયલની ઘણી કોશિશ છતાં તે પકડાઈ ગઈ. તે પાંજરામાં પુરાઈ ગઈ. પછી તો પેલું બાળક તેને ગાતી જોઈ આનંદમાં આવ્યું. પરંતુ હવે કોયલને બહુ દુઃખ થયું. તે હવે દર્દનાં ગીતો ગાવા લાગી. તેને ખૂબ જ પસ્તાવો થયો.

મેનાને ખબર પડી કે કોયલ બહુ જ દુઃખી છે. તે વિચાર કરવા લાગી કે કોયલને શી રીતે છોડાવવી?

એવામાં એમની નજર ઝાડ નીચે બેઠેલા વાનર ઉપર પડી. મેના તો ડરી ગઈ. વાનરે પણ તેમની સામે જોયું, પરંતુ તે પણ દુઃખી લાગ્યો. મેનાને ઇશારો કરી તેણે કહ્યું, “અરે મેના, તું ડર નહીં, મારા હાથ પગને ઈજા થઈ છે એટલે હું બે દિવસથી કાંઈપણ ખાઈ શકયો નથી. શું તું મને ઉપરની ડાળીમાંથી થોડા ફળો કે બાજુના ઝાડમાંથી ફળો તોડી આપીશ ખરી?”

મેના એ ડરતાં ડરતાં પૂછ્યું, “હા, પણ એક શરતે, આ બંગલાના માલિકે કોયલને પેલા પાંજરામાં બાળકના આનંદ ખાતર પૂરી દીધી છે, તેને નવડાવવા જ્યારે બાળકને ઝાડ નીચે લઈ આવે, તે પહેલા તું ઝાડની પાછળ છુપાઈ જજે, પછી તેને બીવડાવી, પાંજરાનું બારણું ખોલી નાંખજે.”

વાનર કહે, “શરત તો કબુલ છે, પરંતુ પહેલા બે દિવસ તું મને ફળ તોડી આપજે, તો હું સાજો પણ થઈ જઈશ અને પછી કોયલ ને છોડાવીશ.”

મેનાએ તો બે દિવસ વાનરને ફળો ખવડાવી, તાજોમાજો બનાવી દીધો. બે દિવસ પછી પેલો બાળક જેવો પાંજરૂ લઈ, કોયલ ઉપર પાણી રેડવા ઝાડ નીચે આવ્યો કે વાનરે તો લાગ જોઈને બાળકની પીઠ ઉપર હાથ દીધો ને બાળક દૂર નાસી ગયું.

ચતુરાઈથી વાનરે બારણું ખોલી નાખ્યું. કોયલ બહાર નીકળી ગઈ, તેમજ વાનર અને મેના ઉપર ખૂબ ખૂબ ખૂશ થઈ જતાં તેમને કહ્યું, મારી હઠમાં, મારા મધુર કંઠનું અભિમાન હતું, હું તેથી વધુ લલચાઈ, મારો કંઠ બીજાને સંભળાવવા આતુર થઈ. તેનું પરિણામ મેં ભોગવ્યું. હવેથી હું માત્ર મારા જ સંતોષ અને નિજાનંદ માટે ગીતો ગાઇશ. ”

આમ કહી કોયલ અને એના સ્વર્ણપૂરી ગામમાં પોતાની મૂળ જગ્યાએ જઈ મધુર ગીતો ગાઈને આનંદ કરવા લાગ્યાં.

---

૨. બળથી ઉંચી કળ

શંખલપુર નામે એક ગામ હતું. ગામમાં ચોર ડાકુઓનો ઘણો જ ભય રહેતો હતો. લોકો ઘણાં ત્રાસી ગયા હતાં.

કસુંબાભા ગામના મુખી હતા. તેમની હવે ઉંમર થઈ હતી. ગામમાં બહુ ફરી શકતા નહીં, તેમજ ધ્યાન પણ રાખી શકતા નહીં, તેથી નવા મુખીની જરૂર ઊભી થઈ. કસુંબાભા કહેતાં કે ભાઈઓ, મુખી બરાબર ખોળજો જે તમારી સેવા કરે. અને પોતાનું પેટ ન ભરે અને ગામના લોકોને ન રંજાડે.

ગામના લોકોએ વિચાર કર્યો કે આપણાં ગામને ચોર ડાકુઓથી બચાવે એવા કદાવર, હિંમતવાન, નવજુવાન માણસને મુખી બનાવવો. . જસુ પટેલ નામના એક કદાવર જુવાન ઉપર સૌ લોકોની નજર ઠરી; તેથી તેને ગામનો મુખી બનાવ્યો.

ચોરી- લૂંટફાટ તો ઘણી જ વધતી જતી હતી. લૂંટારાઓની એક મોટી ટોળી હતી, જેનો સરદાર હતો, વાલમસિંહ. દરરોજ હવે તો તેની ટોળી ગામમાં આવી, લૂંટફાટ કરી લોકોને રંજાડતી હતી. ગામના નવા મુખી જસુ પટેલ, દરેક વખતે પોતાની સાથે ગામના કદાવર અને બળવાન જુવાનોને સાથે લઈ વાલમસિંહનો સામનો કરવા જતા.

આમને આમ થોડા વખત ચાલ્યું. ધીરે ધીરે ગામના નવજુવાનો હણાતા ગયા. જસુ પટેલ તો ગામ છોડી ભાગી ગયો. છેવટે ગામ લોકોને ચિંતા થઈ. વાલમસિંહનું કંઈક નિવારણ કરવું જ રહ્યું.

તે ગામમાં એક નબળી કાઠીનો ઓછી ઉંચાઈનો માણસ રહેતો. તેનું નામ મેઘજી હતું. તેણે ગામના લોકોને કહયું કે , “હું આ વાલમસિંહને કાબુમાં રાખી શકું તેમ છું.” ગામના લોકો આ વાતને હસી કાઢતા , કારણ કે મેઘજી તો વાલમસિંહની મુઠ્ઠીનો શિકાર હતો. પરંતુ મેઘજીએ તો પ્રતિજ્ઞા લીધી, કે હું આ વાલમસિંહનો નાશ કરીશ. નિત્યક્રમ પ્રમાણે, મેઘજી રોજ રાતના ફરવા નીકળતા. તેનામાં બુદ્ધિબળ અને કળથી કામ કરવાની અજબ શકિત હતી. તે તો રોજ વાલમસિંહનો પીછો. કરતો; અને તેના પડાવની આસપાસ નિરિક્ષણ કરતો.

મેઘજીએ તો પોતાનો નિત્યક્રમ જાળવી રાખ્યો. તેણે વાલમસિંહના બે ખાસ સાથીદારોની ભાળ મેળવી લીધી. એક રાતે મેઘજી તેમની છાવણીમાં પોતે ખોળી કાઢેલા રસ્તે જઈ સંતાઈ ગયો. રાતના તેણે બધી યોજના ઘડી રાખી હતી. મેઘજી અફીણની કોથળી લઇ આવ્યો હતો.

મેઘજીએ તો લૂંટારાઓના ઘોડાઓ રોજ રાત્રે પાણી પીતા, તે ખુલ્લા નાળામાં, સખત અફીણ નાખી દીધું. ત્યાર બાદ, નક્કી કરેલા સમયે થોડે દૂર જઈ ચોર જેવો શોરબકોર કર્યો. વાલમસિંહને તે અમાસની અંધારી રાત્રે જેવો અવાજ સંભળાયો કે તેણે ઘોડાઓ અને સાથીદારોને સાથે દોડાવવાનો હુકમ કર્યો. મેઘજીએ ઝાડીઓમાં મોટો પથ્થર તૈયાર કરી રાખેલો, જેનો ટેકો હટાવતાં જ તે ખીણ તરફ પડવા લાગ્યો. વાલમસિંહ અને તેના સાથીદારો, તે દિશામાં જુસ્સામાં ઘોડાઓ દોડાવવા લાગ્યા .

પરંતુ અફીણ પીધેલા ઘોડાઓ સમતોલપણુ જાળવી ન શકયા; અને વાલમસિંહ અને તેમના સાથીદારો અને તેના ભોગ બન્યા.ગામ લોકોએ મેઘજીને નવો મુખી બનાવ્યો.તેમને ખબર પડી કે ઘણીવાર બળથી નહીં , પણ કળથી પણ કામ કરી શકાય..... તો બોલો બળથી ઉંચી કળ છે કે નહિં?

---

૩ મંત્રીની પરીક્ષા

દેવગઢ નામે એક નગરી. તેમાં એક રાજા રાજ કરે. તેમનું નામ સૂર્યપ્રતાપસિંહ. રાજાને પચાસ વર્ષ થયા હતાં. તેમને એક કુંવર પણ હતો. રાજાને એક બુદ્ધિમાન, હોંશિયાર અને ચાલાક મંત્રીની જરૂર ઉભી થઈ. તેમણે તો ગામમાં ઢંઢેરો પીટાવ્યો, તેથી ચાર માણસો તૈયાર થયા. રાજાએ તેમને બોલાવ્યા. તેમનાં નામ શિવાંભુ, સોનપ્રસાદ, જારસિંગ અને દેવુભા. તેમને કહ્યું "જુઓ, હું તમારી પરીક્ષા લઇશ. જેમાં તમારે મને સાત દિવસની અંદર છુપાવેશમાંથી શોધી, દરબારમાં હાજર કરવાનો, જે શોધી કાઢશે, તે બુદ્ધિમાન ગણાશે અને તેને જ મંત્રી બનાવવામાં આવશે."

બીજા દિવસે, રાજા પોતાનો કારભાર પ્રધાનશ્રીને સોંપી અદ્રશ્ય થઈ ગયા. હવે શિવાંભુ તો બહુ જ ઉતાવળો. તેને તો થયું કે રાજાને શિકાર કરવાનો બહુ જ શોખ હોવાથી, જંગલમાં છુપા વેશે ફરતા હશે . તે જંગલમાં રાજાને શોધવા લાગ્યો.

જ્યારે સોનપ્રસાદને તો ખબર મળ્યા કે રાજા ગામમાં જ કયાંક છે. એક દિવસ તે ગામમાં ફરતો હતો, ત્યાં તેણે એક સાધુને જોયો. તેને મનમાં થયું કે આ સાધુ પહેલાં તો આ ગામમાં હતો જ નહીં, તેણે તેને પુછયું કે, "મહારાજ , મને મારા રાજાનાં દર્શન કરાવશો?" એટલે સાધુ બોલ્યા, "ઇસ ગાંવ કે રાજા કે દર્શન મેં કયું કરું ? મેં ખુદ આજ યહાં હું ઔર કલ દુસરે ગાંવ મેં, ઔર મેં નહીં ભી રહુંગા" આ સાંભળીને, સોનપ્રસાદને થયું કે આ તો રાજા જ છે એટલે તેને પકડીને દરબારમાં લઇ જઇ, મનમાં જ ખુશ થવા લાગ્યો.

ત્યાર બાદ એક ગાંડો માણસ ગામમાં આવ્યો હતો. જારસિંહને લગભગ શંકા થઈ ગઈ. તેણે ગાંડાને કહ્યું "તને મારા રાજા પાસે લઈ જઈશ, તો તેઓ તને ઈનામ આપશે."

તો ગાંડાએ કહ્યું, "મને સમય નથી. રાજાને મને મળવા આવવું હોય તો આવે. આમ સાંભળવાથી, જારસિંહ તો તેને પકડીને રાજ દરબારમાં લઇ ગયો અને મનમાં ફૂલાઈ રહયો હતો.

રાજા દર પૂનમે મંદિરમાં દાન કરતા હતા, તે દેવુભાને ખબર હતી. તેણે તો છેલ્લા દિવસ સુધી, પૂનમ આવતી હોવાથી રાહ જોઈ. તે તો પોતાનો જ વેશ બદલી લઈ મંદિરમાં ગયો. ત્યાં તેણે રસોઇયાનું કામ હાથમાં લઈ લીધું. તેને થયું કે રાજા દાન કરવા જશે તેવા જ પાધરા પડી જશે. તે પીરસવામાં જ મશગુલ હતો. પરંતુ છેલ્લે પાણી આપવાના સમય સુધી તેને કંઈ સફળતા ન મળવાથી ચિંતામાં પડી ગયો હતો .

પાણી આપવા જતાં તેણે દરેકના પાણીના પ્યાલામાં સિક્કા પડેલા જોયા એટલે તેને મનમાં થયું કે રાજા ચોક્કસ ધન આપી, છુપા વેશે નાસી ગયા છે . પરંતુ આગળ જતાં, જ્યારે છેલ્લા માણસને પાણી આપવા આવ્યો ત્યારે બધાના પ્યાલામાં પડેલો સિક્કો તેણે એક પ્યાલામાં ન જોયો તેથી તેણે તે માણસની સામે જોયું અને પુછયું "તમને સિક્કો કેમ નથી મળ્યો, શું હમણાં જ આવ્યા છો?" પેલા માણસે જવાબમાં, નકારમાં માથું હલાવી નીચે જોયું કે તરત જ દેવુભાઈએ કહ્યું, "રાજાજી, હું દેવુભા છું તમે બધાને દાનમાં સિક્કો આપ્યો, પરંતુ પોતાના જ પ્યાલામાં સિકકો નાંખવાનું ભૂલી ગયાં . "

રાજાજીએ જવાબમાં કહ્યું, "ના દેવુભા, સિક્કો જ ન રહયો. દેવુભા તો રાજાજીને દરબારમાં લઈ આવ્યાં. આ જોઈને, સોનપ્રસાદ અને જારસિંગ તો અવાક્ જ રહી ગયા.

રાજાજીએ તો ચતુર દેવુભાને તેમની પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં, પોતાના મંત્રી બનાવ્યા અને તેમણે તે પદને અતિ શોભાવ્યું.

રાજાજીની સત્ય અને નિષ્પક્ષ શોધે, છેવટે તેમને ચતુર મંત્રીની ભેટ આપી. બાળ મિત્રો, કેવી

રહી મંત્રીની પરીક્ષા?
૪

---

૪ લક્ષ્મી અને સરસ્વતી

કાંચનપુર નગરીમાં, વિદ્યાચરણ અને ધનકુબેરદાસ નામે બે મિત્રો રહે. બંને મિત્રો તેમના માતા-પિતાને દેવીઓના આશીર્વાદના ફળ હતાં. વિદ્યાચરણ, સરસ્વતીદેવીની વાણી અને વિદ્યાની વહેતી સરિતાનું એક પાવન બુંદરૂપે હતો; જ્યારે ધનકુબેર, લક્ષ્મીજીના અસ્ખલિત પુષ્પથી લહેરાતા ધનરૂપી પાંખડીઓમાંના એક પ્રતિકરૂપે હતો.

બંને વચ્ચે ગાઢ મૈત્રી હતી. તે સાથે જ ખાતા-પીતા, અને એક બીજાના સુખ દુઃખમાં સહભાગી થતા હતા. વિદ્યાચરણને દરેક જાતનું જ્ઞાન મેળવવાની અભિરૂચી હતી. તેને સરસ્વતીદેવી ઉપર ખૂબ જ શ્રદ્ધા હતી, તે રોજ તેમનું સ્મરણ કરતો, તેથી તેના પર સરસ્વતીદેવી પ્રસન્ન પણ થયાં હતાં.

જ્યારે ધનકુબેરને જ્ઞાન કે વિદ્યાની પડી જ ન હતી. તેને તો ઝટ ધન કમાવું હતું. તે રોજ લક્ષ્મીજીનું પૂજન કરતો હતો; તેની ભકિતથી લક્ષ્મીજી પણ તેના ઉપર પ્રસન્ન થયાં હતાં. તે ધનનો કુબેર પણ બન્યો હતો.

થોડા સમય બાદ, ધનકુબેર અનીતિ નામની સુંદરીના પ્રેમમાં પડી ગયો. તેણીને તેના પૂર્વજન્મના પુણ્યથી પ્રસન્ન થઈ, ધર્મદેવે બે વખત જે માગે તે મળશે, તેવું વરદાન આપ્યું હતું.

આ બાજુ વિદ્યાચરણ સહેજ શ્યામ, સુશીલ, સુશિક્ષિત નીતિ નામની કન્યાને પરણ્યો. સરસ્વતીદેવી તેઓ બંને ઉપર ખુશ હતાં.

લક્ષ્મીજીને ખબર મળ્યા કે ધનકુબેર અનીતિના પ્રેમમાં પડયો છે, તેથી, તેમણે તેઓને જુદા પાડવાની કોશિશ કરવા માંડી. પરંતુ તે કંઈ જ કરી શકયા નહીં. તે માટે તેઓ વિધાતા દેવીની પાસે જાણવા ગયાં. ત્યારે તેમણે સરસ્વતી દેવીને સાથે બેઠેલાં જોયાં અને સાંભળ્યું કે ધનકુબેર અનીતિ સાથે પરણશે. તેથી, લક્ષ્મીજી સરસ્વતીદેવી ઉપર નારાજ થયાં. ધીરે-ધીરે મતભેદ વધ્યા. જો કે સરસ્વતીદેવીએ વિધાતાને ધનકુબેરનું ખરાબ કરવાનું કંઈ જ કહયું ન હતું, પરંતુ, લક્ષ્મીજીને વહેમ પડી ગયો હતો.

ત્યાર બાદ, ધનકુબેર ખરેખર અનીતિને પરણી ગયો. અનીતિએ તો ધર્મદેવ પાસે એક વરદાન તરીકે, ધનકુબેરને પોતાનો કરી દીધો. હજી એક વરદાન બાકી રહ્યું હતું.

બે વર્ષ બાદ, વિદ્યાચરણ અને ધનકુબેર બન્નેને ઘેર પારણું બંધાવાનું હતું. થોડા જ દિવસમાં બન્નેના ઘેર, એક જ દિવસે પુત્ર અવતર્યા. વિધાતા દેવીને છઠ્ઠીની રાત્રે લેખ લખવાનું અઘરું કામ આવી પડયું. સરસ્વતીદેવી અને લક્ષ્મીજી પાછા એકબીજા ઉપર વહેમ કરવા લાગ્યા. તેથી, તેમણે નક્કી કર્યું કે વિદ્યાચરણના પુત્રના લેખમાં ભરપૂર વિદ્યા લખવી અને પછી ધનકુબેરના પુત્રને, તેના પિતાની જેમ, ધનનો કુબેર બનાવવો ; જેથી સરસ્વતીદેવી અને લક્ષ્મીજી બન્ને ખુશ રહે. હવે વિધાતાએ તો નક્કી કર્યા મુજબ જ લેખ લખાય . તેમાં કંઈ જ ફેર ન પડે. પહેલાં વિચાર્યું તે પહેલાં થાય.

જેવા વિધાતાદેવી લેખ લખવા નીકળ્યાં કે રસ્તામાં ધર્મરાજા મળ્યા અને વિધાતાદેવીને કહ્યું કે મારી સાથે ચાલો. તેઓ ધર્મરાજા હોવાથી, વિધાતાએ પણ તેમને માન આપવું પડયું. ધર્મરાજાને તો ખબર નહીં કે વિધાતા તો લેખ લખવા જઈ રહ્યા છે . તે તો વિધાતાને ધનકુબેર અને અનીતિને ઘેર લઈ ગયા. વિધાતાદેવી તો મૂંઝાઈ ગયા. ધર્મરાજાની વાણી અને વિદ્યાના

પ્રભાવથી, ધનકુબેર અતિ ખુશ થઈ ગયો, તેને તો આ બધું સાંભળવાનું મન થયું. અનીતિએ બાજુમાં જ બેઠેલા, ધર્મરાજાને જોઈ કહ્યું, કે મારો પુત્ર પણ વિધાનો અને જ્ઞાનનો સાગર થાય, અને બીજા વરદાન તરીકે ભેટ આપવા કહ્યું. હવે વિધાતા તો મૂંઝાઈ ગયા. અનીતિએ આ પ્રમાણે કહ્યું, એટલે ધર્મરાજાએ તો વરદાન આપી દઈ, વિધાતાને કહયું કે તમે આ પ્રમાણે લેખ લખજો. અને વિધાતાએ પહેલાં નક્કી કર્યું હતું, તે પ્રમાણે ન થઈ શકયું. ધનકુબેરના પુત્રના ભાગ્યમાં વિધા લખવી પડી. અનીતિએ માગેલા વરદાને વિધાચરણના પુત્રને ધનનો કુબેર બનાવવાનો લેખ ફરજિયાત લખવો પડ્યો. ફરીથી બળતામાં ઘી હોમાયું. લક્ષ્મીજી અને સરસ્વતીદેવી એકબીજા ઉપર વધુ વહેમ કરવા લાગ્યાં. જ્યારે બન્નેના પુત્રો મોટા થયા, ત્યારે તેમના પિતાથી અળગા રહેવા લાગ્યા. વિધાચરણ અને ધનકુબેરદાસે, નીતિ અને અનીતિના સંગનું પરિણામ અને સ્ત્રી હઠને કારણે વિયોગ સહન કરવો પડયો.

બાળમિત્રો, તેથી જ આપણે વિધા વિનયથી વધાવી અને લક્ષ્મીજીનો સારા કાર્ય માટે ઊપયોગ કરતાં નીતિનો જ હંમેશ સાથ દેવો જોઇએ, ખરું ને ?

---

૫. સંતોષી સૂરપાળ

અનંતપુર નામે ગામમાં સૂરપાલ કુંભાર રહે. તે પોતાનું ગુજરાન, માટલાં તેમજ માટીની વિવિધ ઘડામણો કરીને ચલાવે.

ગામમાં બીજા વર્ષે પણ સતત દુકાળ પડવાથી, લગભગ ઘણા માણસો ગામ છોડી પરગામ જતા હતાં. બિચારો સૂરપાલ પણ છેવટે ત્રાસી ગયો હતો. તે પણ તેની પત્નીને લઈ પરગામ જવા નીકળ્યો.

સૂરપાલ તેની પત્નીને લઈ વીજનપુર આવ્યો. અહીં તે બે દિવસ રોજગાર માટે ફર્યો, પરંતુ કંઈ સફળતા મળી નહીં. છેવટે, એક પેઢીના શેઠને ત્યાં તે રોજગાર માટે મળવા ગયો. શેઠ

સોમચંદને, પોતાના ગામમાં પડેલા દુકાળની વાત કરી. શેઠ બહુ સમજુ અને ઉદાર હતા તેઓ વ્યાજે નાણાં ધીરધારનો કારભાર કરતા હતા. તેમની પાસે સૂરપાલ માટે રોજગાર જેવું તો કંઈ જ ન હતું. શેઠે સૂરપાલની આજીજી સાંભળ્યા બાદ તેને ૨૫ કોરી આપી. વળી તેને જણાવ્યું કે, "આમાંથી તું તને જે યોગ્ય લાગે, તે કર અને નફો થાય, ત્યારે તેને માત્ર ૨૫ કોરી જ વાળી આપે."

સૂરપાલ તો શેઠ જાણે ભગવાનના રૂપમાં આવ્યા હોય, તેમ તેમનો આભાર માની, ગામમાં ફરવા નીકળ્યો; પરંતુ તેણે તેની પત્નીને ૨૫ કોરીની વાત કરી નહીં. તેને મનમાં થયું કે તેની પત્ની, તે ૨૫ કોરી બીજી જગ્યાએ વપરાવી નાંખશે. તેથી, તેણે તે ૨૫ કોરી એક નકામાં જુના ડબ્બામાં ભરી, પોટલામાં સાથે લઈ લીધી અને પત્નીને લઈ ચાલતો થયો.

પોટલું તેની પત્નીને આપી, થોડીવાર મંદિરમાં રહેવાનું કહી, સૂરપાલ ધંધાની પૂછપરછ માટે ગામમાં નીકળી ગયો. જ્યારે બીજી બાજુ તેની પત્નીને વસ્ત્રો પૂરતા ન હોવાથી, નકામાં ડબ્બા લેવાવાળો આવતાં, તેણીએ તે ડબ્બાને માત્ર ૧ કોરીમાં જ વેચી નાંખ્યો.

થોડીવાર પછી. સૂરપાલ મલકાતો પાછો આવ્યો. તે તેની પત્નીને પોતાના ધંધાની ખુશખબર સંભળાવવા માગતો હતો, ત્યાં તો તેની પત્નીએ સાડી ખરીદવા માટે, પેલો ડબ્બો માત્ર ૧ કોરીમાં વેચી નાંખ્યો હતો તેમ કહયું. આ સાંભળી, સૂરપાલ વિષાદ પામતાં, તેના નસીબ ઉપર રોવા લાગ્યો.

સૂરપાલ તો શેઠ પાસે ગયો. તેમને પેલી ૨૫ કોરી વેડફાઈ ગઈ તેની વાત કરી. શેઠને પહેલાં તો વિશ્વાસ ન આવ્યો; પરંતુ તેને હકીકત સમજી એક સીસમનો ટુકડો આપ્યો, જેથી તે ખાલી હાથે પાછો ન જાય. બીજી બાજુ સૂરપાલની પત્નીને પણ ઘણો જ પસ્તાવો થયો તે ચોધાર આંસુએ રડી રહી હતી.

આ સીસમને શેઠની ભેટ સ્વીકારી સંતોષ માની સૂરપાલ તેની પત્નીને લઈ પાછો અનંતપૂર આવ્યો. જયાં તેની પત્નીએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. સૂરપાલ બે ટંકની રોટલી માંડ માંડ મેળવતો હતો. એવામાં ગામમાં ખૂબ જ વરસાદ પડયો. ગામની બાજુમાં મોટું મજાનું સરોવર હતું.ત્યાંથી માછીમારો માછલાં પકડવા જાળ લઈને જતા હતા.

એક માછીમારે, સૂરપાલના છોકરાને સીસમથી રમતાં જોયો; તેથી, તેણે સૂરપાલને વિનંતી કરી કે તેની જાળમાં બાંધવા, અને માછલાં પકડવા આ સીસમનો ટુકડો તેને કામમાં આવશે. તેથી તેને થોડો સમય આપે. થોડીવાર વિચારી, સૂરપાલે તે ટુકડો માછીમારને આપી દીધો. ત્યારે માછીમારે કહયું કે એ સીસમના વળતર રૂપે, તે આ જાળમાં પકડાય, તે પહેલી માછલી સૂરપાલને આપી જશે. તેથી તેનો સાથોસાથ આભાર પણ માન્યો.


બે દિવસ પછી પેલો માછીમાર સૂરપાલને ઘેર મોટી માછલી લઈને આવ્યો. થોડીવારમાં, સૂરપાલની પત્નીએ તે માછલી કાપી, તો અવાજ સાથે ચળકતું ગોટી જેવું કંઈક નીકળ્યું જે તેણીએ તેના છોકરાને રમવા આપ્યું.

આ દરમ્યાન, એક હીરા પારખુ વેપારી એ બાજુથી પસાર થયો, અને તેણે આ છોકરાને ચળકતા પદાર્થથી રમતાં જોયો તેથી તે નવાઈ પામ્યો. તે તો સૂરપાલને મળ્યો અને ચકાસણી કરી કહયું કે, આ તો અમૂલ્ય, કિંમતી હીરો છે. તે સૂરપાલને શહેર લઈ ગયો અને તેને લાખો કોરી આપી.

સૂરપાલ ખુશ થતો, શેઠ સોમચંદને મળ્યો, અને તેમની ૨૫ કોરી પરત આપતાં, બધી જ વાત કરી. હવે તે વહાણનો ધંધો શરૂ કરવા વિચારી રહ્યો હતો, તેમ શેઠને જણાવતાં તે પણ ઘણાં જ ખુશ થયા કે સુરપાલે સમયને સાચવ્યો; અને તે સીસમને સંતોષથી સ્વીકારી લીધું, તો સમયે આજે તેને સાથ આપ્યો.

સંતોષી નર પામે છે વર, સાચું જ ને?

૬.મેઘરાજાની મહેર



પાવનપુર નામે એક શહેર. આ શહેરમાં અગાઉ ઘણા વરસો સુધી વરસાદની મહેર હતી. પરંતુ

છેલ્લા બે વર્ષથી વરસાદનું નામ માત્ર નહીં. આજુ બાજુના ગામડાના ખેડૂતભાઈઓ અને ગામવાસીઓ સઘળાં જાત જાતના પ્રયત્નો કરે, કે જેથી મેઘરાજા રીઝે અને ખેતી સારી થાય, પાક ઉતરે અને જીવન નિર્વાહ ચાલે, તેમજ શહેરને પાણી પુરૂં પડે.
આ પાવનપુર શહેરમાં એક ભલાભાઈ રહે. તે રોજ આ શહેરના ઉંચા મકાનોની અગાસીએ, સવારથી સાંજ સુધી બેસે, અને મેઘરાજાને વિનવણી અને પ્રાર્થના કરે. બાપડાને એમ પણ થાય કે સાંભળ્યું છે કે રાગ મેઘમલ્હાર ગાવાથી, મેઘરાજા રીઝે અને વરસે; પરંતુ અહીં સંગીતના સૂરનો ઉગમ કયાંથી કરવો ? વળી એમ પણ થાય, કે યજ્ઞો, કથા, પાઠ વિગેરે કરાવવાથી પણ દહાડો વળે; પરંતુ, આવો નિ:સ્વાર્થ, જ્ઞાની બ્રાહમણ કયાંથી લાવવો ? આટલો આકરો દુકાળ; પરંતુ શહેરના બધા લોકો દિવસે કામે નીકળી જાય, અને રાત્રે પાછા ફરે. આમ બધા પોતપોતાના દૈનિક કામમાંથી જ ઊંચા ન આવે. જો કે લોકો પાછા ટાપસી પૂરતા જાય કે આમે આ વખતે વરસાદ પૂરતો ન આવ્યો, તો મોંઘવારી પણ માઝા મૂકશે હોં ! પરંતુ આટલાથી કંઈ વળે ખરું !
એકવાર, ભલાભાઈ શહેરની ઊંચી ઇમારતની અગાસીમાં ગોઠવાઈ ગયા. દૂર પેલે પારથી એકાદ કાળું ડીબાંગ વાદળું તેની નજરે ચડયું. તેઓને થયું કે આ વાદળું જ વરસે તો જ પણ રાહત થાય તે ભલી. પરંતુ જોતજોતામાં આવા કેટકેટલાં વાદળાંઓ આવે જેને પવન ઘસડીને બીજી દિશામાં લઈ જાય. પાવનપુર શહેરની ધરા એવી જ તૃષિત રહે, તેથી ભલાભાઈ અતિ દુ:ખી થયા. તેને થયું કે હવે તો હું આ વાદળાને જ પૂછું કે, “ભાઈ, તમે કાં આ શહેર ઉપર અમી દૃષ્ટિ કરતાં નથી?”
આમ, એક દિવસ ભલાભાઈ ઊંચી ઇમારતની અગાસીએ ફરી જઈ ચડયા . કેટલી મીટ માંડી; પરંતુ, આજે તો એકે વાદળું આવવાનું નામ લે તો ને ! છેવટે સમી સાંજે ભૂખ્યા, તરસ્યા, પ્રભુનું રટણ કરતાં, તેમની આંખો ભરાઈ આવી, ત્યારે એક નાની કાળી વાદલડીએ દેખા દીધી. ભલાભાઈ અતિ ભાવવિભોર થઈ ગયા. તેમણે અંતરપટ ખોલતાં, નાની વાદળીને પ્રણામ કરી પૂછી જ લીધું.
ઓ નાની વાદલડી, આ શહેર વતી, મારા આ ભલાભાઈના પ્રણામ સ્વીકારો, અને કૃપા કરી. આપ અમ બધાથી શાને આટલા રીસાયા છો. તે તો કહો ?” નાની વાદળી જાણે ક્ષણભર થંભી ગઈ. ભલાભાઈના મૃદુ પ્રાર્થનામય શબ્દો તેને સ્પર્શી ગયા.
તેણે પ્રત્યુત્તર આપ્યો. “કોણ, ઓ માનવ, તમે મને બોલાવી રહ્યા છો ને? મેં તમારા શબ્દો સાંભળ્યા, પણ અમે વાદળાંઓ કોઇથી પણ નારાજ નથી. પરંતુ, તમે બધા માનવો જ અમારાથી નારાજ છો. જો કે અમ વાદળાંઓએ વરસવું, કે ન વરસવું, એ તો તમ માનવોએ આપેલા આહવાન ઉપર જ આધાર રાખે છે.”
ભલાભાઈ કહે, “અમે આ પાવનપુર શહેરના રહેવાસીઓ તો આપને આહવાન કરીએ છીએ; પરંતુ, શું એ આપ સુધી પહોંચતું નથી કે શું? વળી શું અમે તમારા મિત્રો નથી કે શું ?”
- વાદળી કહે, “જરૂર એવું જ છે. જુઓ, અમે અમારા પ્રિય મિત્ર વનસ્પતિને મળવા ધરા ઉપર ઉતરી પડીએ છીએ. વળી જે તે વનસ્પતિ મિત્રો જેટલા વિપુલ પ્રમાણમાં હોય, તેટલા જ વેગથી અને અતિ હર્ષથી અમે તેમને ભેટીએ છીએ.”
ભલાભાઈ, “હં... ! તમારી વાત સાચી છે. આ શહેરના ઔદ્યોગિક અને રહેઠાણ વિકાસ યોજનાઓને લીધે આપણા ઘણાં જ વનસ્પતિ મિત્રોને અમે અહીંથી જાકારો દીધો છે પરંતુ, શું આ આટલી નાની ભૂલનું આવું માઠું પરિણામ હોઈ શકે ? ”
નાની વાદળી, “ના, હજી ઘણાં કારણો હોઈ શકે. તમારા શહેરીજનોના અંતરની સાચી પ્રાર્થનાના અણુઓ અમારા અણુઓ સાથે એકરૂપ થાય, તો પણ અમે વરસીયે .”

આ ભલાભાઈ, "અહીં કોઈની પાસે શાંતિથી, બે ઘડી પ્રાર્થના કરવાનો તો સમય જ નથી, પૈસાને રોજગારની દોટમાં, તે લોકો તમારી પ્રાર્થના નિયમિત શુદ્ધ અંતઃકરણથી નહીં કરી શકતા હોય, તો તેમના અણુઓ આપના અણુઓ સાથે એકરૂપ ન પણ થતાં હોય; પરંતુ શું આની આટલી આકરી સજા?" 1 નાની વાદળી, "ના ભાઈ, આ શહેરીઓએ તો વાતાવરણને દૂષિત કર્યું છે . જેથી અમે અહીં ઉભા રહેવા માગતા નથી. ઔધોગિક ઝેરી વાયુઓથી અમને ગુંગળામણ થાય છે. તેથી અમે પવન દેવની કૃપાથી દૂર બીજી જગ્યાએ વરસી જઈએ છીએ."
ભલાભાઈ, "આ પાવનપુર શહેરના લોકોની ભૂલોને ક્ષમા કરીને, આપ અમારા શહેરીજનોને સતત ત્રીજા વરસે પણ કોરા રાખશો, તો અમે તો બધા ભૂખ્યાં જ મરી જ જઈશું."
નાની વાદળી, " જુઓ, અમને પણ તમારા બધા ઉપર કરૂણા છે; પરંતુ, તમે માનવો બીજ રોપતાં, વધુ નફો પોતે જ હડપ કરી જવાની સ્વાર્થવૃત્તિથી પર આવો તો ને! આવા જ સ્વાર્થના અણુઓથી જમીનમાં બીજ વાવતાં, અન્યને રહેઠાણ અને અન્નથી વંચિત રાખવાના સ્વાર્થી સ્વભાવના કારણે અમારા અણુઓ, તમારી ધરાના અણુઓને દુર રાખે છે અને અમને નીચે ખેંચી શકતા નથી. "

ભલાભાઈ, "અમારા બધાંની આ ભૂલો હવે અમે સુધારી લઈશું, હું આજે જ આ માનવ સમુદાયમાં સદ્‌ગુણો, પરમાર્થનાં બીજ રોપવાનું શરૂ કરી દઈશ. પરંતુ, આપ કૃપા કરીને વરસો, તે જ હૃદયની પ્રાર્થના છે."

ભલાભાઈએ આ બધું શહેરીજનોને થોડા દિવસમાં સમજાવ્યું. સાવ અભણ વ્યકિત, આટલું સારૂં સમજે, તે વાતથી લોકો પણ ચકિત થયા.


ત્યારબાદ તમામ શહેરીજનોએ, સમૂહમાં મેઘરાજાને, તેમણે જણાવેલા સદ્‌ગુણો તેમનામાં સિંચવાની પ્રાર્થના કરી, અને પરમાર્થ કરવાનાં વચનો પણ આપ્યાં; તેથી, આવા સદ્‌ગુણોનાં અણુઓ, ખરેખર વાદળાંઓના ઢગોને ઘસડી લાવ્યાં. પ્રાર્થનામાં મેઘમલ્હાર રાગની સરગમ છેડાઈ.

પાવનપુર શહેર ઉપર હૃદયપૂર્વક મેઘરાજા વરસ્યા. ભલાભાઈની ભલાઈ, શહેરીજનોને રીમઝીમ વરસી રહેલા વાદળાંઓથી તરબોળ કરી ગઈ.

બોલો, આપણે પણ પરમાર્થના સદ્ગુણ કેળવશું, તો મેઘરાજાની મહેર હંમેશા આપણાં બધા ઉપર રહેશે જ ને ?

---

૭. જીવદયા



મુંબઇ શહેરના ગીચ વસ્તીવાળા પરામાં એક કિશોર રહે. તેનું નામ પરમ. મધ્યમ વર્ગના કુટુંબમાં, ઉછરતો આ કિશોર, સતત અભ્યાસ બાદ જે થોડોક સમય મળતો તે દરમ્યાન પોતાની અનેરી દુનિયામાં અવાર-નવાર ખોવાઇ જતો હતો. એવા સમયે કલ્પનાની પાંખો અને અંતરની ઊર્મિઓ તેને દૂર પરલોક લઇ જતી હતી.

આમ, કલ્પનાની દુનિયામાં રાચતાં તે તેના વાસ્તવિક જીવનની પારાવાર આર્થિક મુશ્કેલીઓ, નાના ભાંડુઓની જવાબદારીઓનો બોજો ભૂલી જઈ; તેમજ ગીચ વસ્તીવાળા પરાંની સંકુચિતતા વટાવીને, મનની અથાગ મોટી પાંખોથી, એક અતિ મધુર સ્વતંત્રતાની લાગણી અનુભવતો હતો.

ઉનાળાની રજાના વેકેશનમાં પરમ તેના ગામ દયાપરમાં રહેવા આવ્યો. એક સમયે, આ પ્રમાણે પરમ જાણે કે એક પંખીના પીંછા જેવી હળવાશ અને નિર્દોષ બાલીશતામાં, ગામના ગીચ જંગલ વચ્ચેથી, એક વિશાળ પર્વત ઉપર આવી ચડયો.

રમણીય હિમાચ્છાદિત પર્વત,ખળખળ વહેતી નદી, મધુર કિલ્લોલ કરતાં પંખીઓ, સોનેરી હરણો, શ્વેત સસલાંઓની ચંચળ દોટ જોતાં તે પ્રફુલ્લિત થઈ ઉઠયો. અચાનક જ તેને સામે એક પારધી દેખાયો, જે તીર કામઠા પર ગોઠવી, એક પક્ષીને નિશાન બનાવી તેના ઉપર તીર છોડવાનો જ હતો. ત્યાં જ પરમે દોડીને પારધીને આજીજી કરી અને એક ક્ષણ માટે તેને રોકી લીધો.

પરમે નિર્દોષ ભાવે પારધીને પુછયું,, “ભાઈ, તમને આ પક્ષીને મારીને શું મળશે ? તમે તેનું શું કરશો?” પારધીએ કહ્યું “ઓ બાળક, તને શું ખબર પડે, આ પેટની ભૂખ ભાંગવા આવા કંઈક પશુ-પક્ષીઓને પકડીને, હું શહેરમાં વેચી પૈસા કમાઉં છું.”

પરમે એક ક્ષણ તો અત્યંત દુઃખની લાગણી અનુભવી. પણ બાદમાં હિંમત ભેગી કરતાં તેણે

પારધીને કહ્યાં, "ભાઈ, શું તમને ખબર છે કે આ બધાં આપણાં ભાઈ-બહેનો થાય ?" પારધીએ અટ્ટહાસ્ય કર્યું અને પરમનો હાથ પકડીને બોલ્યો, "તું કઈ દુનિયામાંથી આવ્યો છે?, માણસ અને પશુ-પક્ષીઓ વચ્ચે તે વળી, ભાઈ-બહેનના સંબંધો કયારથી બંધાણાં ? તું મને કહે તો ખરો ?"

પરમે ફરી નિર્દોષભાવે પૂછ્યું, "ભાઈ, શું તમે બારે મહિના, આ વનરાઈમાં આવો છો ખરા?" પારધીએ કહ્યું, "હા ! ચોક્કસ આવું છું." પરમે ફરી બીજો સવાલ કર્યો "તો શું બારે માસ અહીં બરફ હોય છે ખરો ?" પારધી કહ્યાં," ના... રે ભાઈ એ તો ઉનાળામાં ઓગળી જાય, પણ તું આ કેમ પૂછે છે?" પરમે સમજાવતાં કહ્યું, "આ બરફ પીગળીને પાણી થઈ, આગળ જતાં સૂર્યના તેજમાં, તેનું વરાળમાં રૂપાંતર થાય છે. વળી તે વાદળાં બની, ફરીને વરસે છે, જે પાણી નદીરૂપે વહેતાં ફરી સાગરને મળે છે. આ પાણી દુનિયાના કોઈ પણ ઠંડા પ્રદેશમાં વહેતાં, તે ફરી બરફ બને છે અને તેવી જ રીતે, આપણે પણ આ જડ, વનસ્પતિ, કીટક, પશુ, પક્ષી અને છેવટે મનુષ્ય આપણાં સારાં નરસાં કર્મો પ્રમાણે, આ બધા જીવોના શરીરો ધારણ કરીએ છીએ. વળી કોને ખબર, કયા ભવમાં આપણે પણ પંખી હતાં અથવા થઇશું ?"

પરમે વધુ સમજાવતાં પારધીને કહ્યું ,"ભાઈ સાંભળો, જો તમે આ પક્ષીને મારી અથવા વેચી નાંખી, તેમના જીવની હત્યા કરશો, તો ભવિષ્યમાં એ શકય છે કે તમે પણ પંખી બનો અને આ જ પંખી, પછીના જન્મમાં પારધી બને, તો શું એ પણ તમારી સાથે આવો જ વ્યવહાર નહીં કરે? શું તમને રંજાડશે નહીં ?" વિધિનું આ વક્ર ચક્ર કયાં સુધી ચલાવીશું ? તમે જ જો મનુષ્ય તરીકે આ પંખીઓ ઉપર પ્રેમ અને દયા કરશો અને રંજાડશો નહીં, તો તેવા સમયે તેઓ પણ તમારી સાથે પ્રેમ, દયા અને આદર ભર્યો જ વ્યવહાર કરશે." પારધીના ધૃણા ભરેલા મનમાં પરમે સમજાવેલું પરમ સત્ય સમજાવા લાગ્યું અને પારધી અચંબામાં પડી ગયો. પછી તેણે પરમને પૂછયું, "હે બાળક, તું મને વધુ સ્પષ્ટ રીતે. આ વ્યવહાર બાબતે સમજાવ; મને તારી વાતમાં સત્યનાં દર્શન થાય છે, મને તારી વાત સાંભળવી ગમે છે."

પરમે આ સત્યને વધુ સ્પષ્ટ અને સરળ રીતે સમજાવતાં પારધીને કહ્યું "જુઓ ભાઈ, આ બરફમાં માટીના કણો કે અશુદ્ધિ અથવા ઉપયોગી શુદ્ધ બીજ રહી ગયાં હોય છે, તે પણ આ બરફ પીગળતાં જળ સાથે વહી વરાળમાં જોડાઇ ફરી કોઈક ઠેકાણે પણ તે કણો સાથે લઈને જ વરસશેને? "

પારધીએ કહ્યું, "હવે મને જરા સમજાય છે કે તું શું કહેવા માગે છે, કંઈક વિચારવા જેવું છે ખરું, પરંતુ જો હું મારું આ કાર્ય છોડી દઈશ, તો મારું અને મારા ઘરના સભ્યોનું પેટ ભરવા, ગુજરાન કરવા હું શું કરીશ?" પરમ આજે પારધીને જ્ઞાનપ્રકાશ પૂરો પાડતો હોય, તેમ તેણે પારધીને કહ્યું "ભાઈ, તમે આ વનરાઇના વૃક્ષોમાં ઉગતાં ફૂલો અને ફળોને તોડી, શહેરમાં વેચીને પણ તમારા પરિવારનું ગુજરાન કરી જ શકો છો." પારધી આ સાંભળતા જ પરમને હેતથી ભેટી પડયો. જાણે તેને જન્મો- જન્મનું જ્ઞાન આ પરમ પાસેથી મળી ગયું . પરમ પણ આ સાથે અતિ પ્રસન્નતાપૂર્વક મલકાવા લાગ્યો કે ન જાણે કેટકેટલાં પંખીઓ અને પશુઓના જીવ બચી ગયા અને પારધીનો
ભવ પણ સુધરી ગયો.

પરમને તેની વાસ્તવિક દુનિયામાં પણ જાણે દરેક જીવાત્માની સ્વતંત્રતા, પ્રેમ અને જીવદયાની પ્રતીતિ થતી હતી. તેના આવા વિચારોની મીઠાશ, તેના આંતરમનને પરમસુખ આપતી હતી.

આ આંતરિક કલ્પનાની દુનિયાને, વાસ્તવિક જગતમાં સાકાર કરવાની દિશામાં, પરમે આજથી


જ પગરણ માંડયા હોય, તેમ તેનું ધ્યેય તેને મળી ગયું.

આમ, પરમને તેની અંતરપટની કરૂણા, પ્રેમ અને જીવદયા ફળી તેનો આત્મસંતોષ હર્તા; ત્યારે પેલા પારધીને પણ જીવદયાનો બોધ મળ્યો હતો.

સમદ્રષ્ટિ અને જીવદયા, વિશ્વને એક તારથી જાણે જોડતી હોય તેવું શું નથી લાગતું?

---

૮. મહેનતની મીઠાશ



અંધેરપૂરી નામે એક ગામ હતું. ગામમાં એક ભૂખડીદાસ રહે. તે ઘણો આળસુ હતો. બેઠા બેઠા મહેનત વગર ખાવાનું મળે, તેવી બાદશાહી ભાઈને ગમતી હતી.
એકવાર તે ગામની બહાર ઝાડના શીતળ છાંયડા નીચે આરામ કરતો હતો. તેણે જોયું કે દૂરથી ઘણાં સાધુઓ ભજન-કીર્તન કરતા, હસતા- હસતા, પોતાની મસ્તીમાં આવતા હતા . આ સાધુઓમાં એક ગુરૂ હતા; અને બાકીના બધા તેમના ચેલાઓ એટલે કે શિષ્યો હતા.
- ભૂખડીદાસને થયું કે, આ સાધુનું જીવન બહુ સારું, ભિક્ષા માગીને ખાવાનું, મહેનતનું નામ જ નહીં. એને પણ થયું કે લાવને, આ સાધુઓના સંઘમાં હું પણ જોડાઈ જાઉં.
તેણે એક સાધુને કહ્યું, "મારે તમારી આ પંગતમાં જોડાવું છે, મારે સાધુ બનવું છે. શું મને તમારી સાથે રાખશો, સાધુઓ?" તેઓ ભૂખડીદાસને સંઘના ગુરૂ પાસે લઈ ગયા અને ગુરૂને વાત કરી કે આ ભાઈને સાધુ બનવું છે. ગુરૂએ પુછયું, "બોલ ભાઈ તારી શું ઇચ્છા છે?" ભૂખડીદાસ કહે, "મારે તમારી જમાતમાં ભળવું છે", ગુરૂ કહે, "પણ ભળવાનું કારણ શું છે? સંસારમાં શું તકલીફ છે?" ભૂખડીદાસે વિચાર કરીને જવાબ આપ્યો, "મહાત્મા, સંસાર અસાર છે, કારણ વગરનો ભાર છે." ગુરૂ કહે, "તો ઠીક છે, અમારી જમાતમાં તને ભેળવીએ; પણ અમારી જમાતમાં ગુરુ અને શિષ્યો હોય, તને આમાંથી શું બનવું ગમે ?" ગુરૂ ઓળખી ગયા કે આ કામચોર અને મહાઆળસુ છે; તેથી તે ભૂખડીદાસની પરીક્ષા કરવા માગતા હતા. ભૂખડીદાસે પૂછયું "ગુરૂ અને શિષ્યએ શું શું કામ કરવાનું હોય?"
ગુરૂ કહે " ગુરૂ બનો, તો બેઠા બેઠા બધી વ્યવસ્થા કરવાની અને ચેલા બનો તો ગામમાં ભટકીને મહેનત કરી જમાત માટે સીધું-સામાન એકત્ર કરી, અને સરખે ભાગે વહેંચીને ખાવાનું.
બોલ શું વિચાર છે?" ભૂખડીદાસ કહે "આપણે તો પછી ગુરૂ જ બનવું છે, બાપ. "
ગુરૂ કહે, "ર્તા લે ચાલ, અહીં ગાદી સંભાળ. "ત્યારબાદ, ગુરૂએ બધા ચેલાઓને, નવા ગુરૂની ઓળખાણ આપી; અને પોતે થોડા દિવસ, તેમના ગુરૂભાઇઓને મળવા જાય છે તેમ જણાવ્યું. ભૂખડીદાસને તો પહેલા ત્રણેક દિવસ બેઠા બેઠા હાથ પગ ચંપાવતા, હુકમ કરતાં ખાવા, પીવાની અને લીલાલ્હેર કરવાની મજા પડી.
. હજી ત્રણેક દિવસ થયાં, ત્યાં તો સાધુઓની બીજી જમાત તેમને ત્યાં સત્સંગ માટે આવી; તેમની મહેમાનગતિ કરવી જ પડે, તેમ ચેલાઓએ ભૂખડીદાસને જણાવતાં કહ્યું, "હવે પચાસ સાધુ, મહેમાન અને પતાના ત્રીસ સાધુ મળી એંશી સાધુઓની સેવાનો યોગ થયો છે."
ચેલાઓએ કહયું, "ગુરૂજી, બુદ્ધિથી વિચારો. આ બધાને જમાડવા અને મહેમાનગતિ કરવો સીધું - સામાન કયાંથી લાવીશું ?"
ભૂખડીદાસ કહે, " એમાં શું છે? ઉધાર લઈ આવો. "
ચેલો કહે, "ગુરૂજી, આ ગામમાં તો અમે પણ નવા છીએ, અમને કોઈ ઓળખે નહીં, ઉધાર કોણ આપે? જુના ગુરૂજી હોત, તો ચપટી વગાડી ઉપાય શોધી અને વ્યવસ્થા કરી દેત. તેઓ એટલા સિદ્ધ યોગી હતા અને તેમના એટલાં ઊમદા સાધના શકિત હતા; તેથી, એમને તો ઊધારની આદત જ નથી. તમારે આપણી જમાતની લાજ ન જાય, તેથી કાંઈક ઉપાય તો કરવો જ રહો. વળી આ જમાતની સેવા મહિના માટે કરવાની છે."
- ભૂખડીદાસને પહેલીવાર ચીમકી મળી, કે આ તો હાંજા ગગડી જાય તેવું કાર્ય છે , કારણ, અહીં નથી સાધના કે શકિત તેમજ આવડત કે મહેનત પણ નથી. બહુ જ વિચાર કરતાં ચેલાઓને અહીં તહીં ગામેગામ મોકલ્યા; પરંતુ માંડ માંડ અડધો સીધું-સામાન જ ભેગો થયો. સાધુઓની જમાત, જે મહેમાન બની આવી હતી, તેઓને પણ લાગ્યું કે દાળમાં કંઈક કાળું છે . કારણ, વાર્તાલાપમાં, પ્રાર્થનામાં, કસરત અને અખાડામાં ભૂખડીદાસ તો સાવ જ પાંગળા દેખાતા હતા.

છેવટે ભૂખડીદાસ કંટાળ્યા . ત્યાં બીજા દિવસે જૂના ગુરૂજી આવ્યા, એટલે ભૂખડીદાસ તેમના ચરણે પડયા અને કહ્યું, "તમે તમારૂં ગુરૂપદ સંભાળો, મને ગમ નથી પડતી. " જુના ગુરૂ કહે, "કેમ તો શું કરવું છે? ચેલા બનવું છે?"

ભૂખડીદાસને થયું, ચેલા બની થોડો પ્રયત્ન કરી લઈએ. જુના ગુરૂ તો પ્રથમ દર્શનથી જ ભૂખડીદાસનાં લક્ષણ પારખી ગયા હતાં. ભૂખડીદાસ કહે " મને ચેલો થવા દો, હું સીધું-સામાન લેતો આવીશ. જુના ગુરૂ કહે, " લે, આ જમાતને કહી દઊં છું, કે હવે તું ગુરૂ મટી ચેલો થયો છે." આ પ્રમાણે ગુરૂએ, સાધુ જમાતને જણાવ્યું અને બીજે દીવસે, બધા ચેલાઓ સાથે ભૂખડીદાસ માઇલો રખડયા; એટલું રખડયાં, એટલી કસરતો, દંડ, અભ્યાસ, પ્રાર્થના કરવી પડી કે આ સ્થિતિમાં તો તરત જ કંટાળ્યા.

જૂના ગુરૂ તો મહેમાન સાધુઓની પંગત માટે, બાજુના એક ગામમાં એક બ્રાહ્મણ કુટુંબનો એક બાળક મરવા પડેલ હૌં, તેને ત્યાં ગયા અને સાધના શકિત અને સાચી પ્રાર્થનાથી, તે બાળકને સજીવન કરી દીધો. બ્રાહ્મણનું કુટુંબ ઘણું ધનાઢ્યું હતું તેથી તેમને ઘણાં સીધું- સામાન મળ્યા. મહેમાન સાધુઓની અતિ સુલભ મહેમાનગતિ થઈ. મહિનો પસાર થઈ ગયો.

ભૂખડીદાસે આ બધું જોયું. તેથી તેને થયું કે જીવનમાં જીવવા માટે કંઈક તો શીખવું જ પડે, પુરૂષાર્થ કરવો જ પડશે તેમજ કોઈ પણ વિષય કે કામમાં નિપૂણતા તો મેળવવી જ પડે , અને મહેનત વગર બેઠાડું જીવન તો બહુ ચાલે જ નહીં. તેઓ ગુરુને ચરણે પડયા. - જૂના ગુરૂ તેમને બોધ આપતા રહેતા અને તેના જીવનનું ઘડતર, મહેનત , પુરૂષાર્થ અને વિધાદાનથી કરતા રહ્યા. ભૂખડીદાસ પણ ઘણી મહેનત કરતા થઈ ગયા . ભૂખડીદાસ છેવટે ભવાનીદાસ બની ગયા . તેમની મહેનતના પ્રતાપે તેઓ સાધુઓની પંગતમાં ભણીગણીને મોટા પંડિત થયા.

મહેનતનું વાવેલું હંમેશા મીઠું જ ઉગે, ખરુંને ?....

૯. વિશ્વજિત કે સ્વયંજિત

અમરાપર નામે એક સમૃદ્ધ અને સંપત્તિવાન દેશ.આ દેશના પ્રમુખ જુગલભાઈ બગલ. તેઓ અન્ય દેશોમાં, પોતાની મહાસત્તા વિસ્તારવાના હેતુથી, ઘણી જ પેરવી કરે. પોતાના દેશ કરતાં, બીજા દેશો રાજકીય, સામાજિક, આર્થિક અને વૈજ્ઞાનિક, અર્થાત્ તાંત્રિક ક્ષેત્રમાં આગળ વધી ન જાય, તેનું ખાસ નિરીક્ષણ કરતા રહે.

જુગલભાઈ બગલ, અતિ મહત્વાકાંક્ષી અને લડાયક મિજાજના હતા. પોતાના કે અન્ય દેશમાં, ત્રાસદાયક અસૂરો પેસી ન જાય, તે ધ્યાન રાખતાં અને જે નુકશાન કરે, તો તે દેશનું નિકંદન કાઢી નાંખતા. આ બધી જાહોજલાલી તેમજ દેશની સુખ-સમૃદ્ધિ હોવા છતાં, તેમને સંતોષ જરાપણ નહીં. બસ, અમરાપર દેશનું વર્ચસ્વ જગતમાં ફેલાય, પછી ભલેને તેના માટે શામ, દામ, દંડનો આશરો કેમ ન લેવો પડે ? - ઘણીવાર તેઓ સત્તાની લોલુપતા ખાતર, અન્ય દેશોને વાંદરો બે બિલાડીઓને વઢાડી પોતે લાભ લઈ જાય, તે વાર્તા પ્રમાણેની નીતિ અમલમાં મૂકતા; અને તેમનો સ્વાર્થ આમ સાધી લેતા.

એક વખત આ પ્રમાણે તેમણે વિશ્વમાં ચારેકોર, અમરાપર દેશનો ડંકો વાગે તેવું નક્કી કર્યું. અનેક દેશોમાં અમરાપરના સૈનિકોને મોકલી પગપેસારો કરાવ્યો. તેમણે વિચાર્યું કે હવે તેમને સિકન્દરની જેમ "વિશ્વજિત"ના જેવી ખ્યાતિ મળે.

તેમની કૂટનીતિમાં, તેઓ ઘણે ભાગે સફળ પણ થયાં અને વિશ્વમાં લગભગ બધે અમરાપર દેશનું સામ્રાજ્ય જમાવી દીધું. ધીરે ધીરે "વિશ્વજિત" તરીકે તેમની ગણના પણ ઘણાં દેશોમાં

થવા લાગી.
પરંતુ, આ બધામાં ભગીરથ નામે વિકસિત થઈ રહેલો દેશ. આ દેશ અમરાપરના પ્રમુખ જુગલભાઈ બગલને "વિશ્વજિત"નું સંબોધન, સૈદ્ધાંતિક રીતે કરતો ન હતો. જુગલભાઈ બગલને તેથી માઠું લાગ્યું અને તેઓ નારાજ થયા, વળી કારણ પૂછતાં ખબર પડી કે ભગીરથ દેશના પ્રમુખ અમલભાઈ વ્રજકિશોર એમ કહેતા કે તેઓનો દેશ ઇશ્વરને જ સર્વોપરી "વિશ્વજિત" માને છે. તેઓ એમ પણ માનતા હતા કે આપણે માનવ પાસે તો આજે સત્તા છે; તો કાલે નથી. આ તો હથેળીમાં માટી પકડી રાખો, તોયે તરત જ સરકી જાય તેવી વાત છે. તેથી સત્તાનું અભિમાન ન રખાય. આમ આ ભગીરથ દેશ સ્વમાની તો હતો જ.
- ભગીરથ દેશના પ્રમુખ અમલભાઈ વ્રજકિશોર પીઢ, જ્ઞાની, સાહિત્યપ્રેમી, સદગુણી અને ખાસ તો સંતોષી વ્યકિતત્વ ધરાવતા પ્રમુખ હતા. ભગીરથ દેશને તેમના પડોશના પીંગલ દેશના પ્રમુખ પદમજી મુછડની કૂટનીતિથી હરહંમેશ ચેતતા રહેવું પડતું. અમરાપર દેશના જુગલભાઈ બગલ પીંગલ દેશને, પોતાના માલ- સામાન વેંચી નફો કરતા હતા. પીંગલ દેશની આર્થિક સ્થિતિ અતિ ગંભીર હતી; પરંતુ માલ-સામાન વેંચી અમરાપર દેશનો સ્વાર્થ, તેનો ડંકો તે દેશમાં પડે તેવો હતો. પીંગલ દેશ અસુરોને પણ પોષતો હતો; અને ભગીરથ દેશને રંજાડતો. અમરાપર દેશના પ્રમુખે પોતાને "વિશ્વજિત" કહેવડાવવાના અને સામ્રાજ્ય વધારવાના હેતુસર, પીંગલ દેશ અને ભગીરથ દેશની વચ્ચેના સંબંધો સુધારવા સુલેહ કરાવવાનું નક્કી કર્યું. ભગીરથ દેશ જરા સિદ્ધાંતવાદી હતો. જલદી મચક આપતો ન હતો.
છેવટે એક સમયે, આ ત્રણેય દેશોએ સાથે મળી કોઈ નિર્ણય ઉપર આવવું તેમ નક્કી થયું. ભગીરથ દેશના અમલભાઈ વ્રજકિશોરે તો વાર્તાલાપ દરમ્યાન કાવ્યમય શૈલીમાં એવો સંકેત આપ્યો કે, અમરાપર દેશના પ્રમુખ જુગલભાઈ બગલને તેઓ "વિશ્વજિત" તરીકે તો જ માન્યતા પ્રદાન કરશે, જો સ્વર્ગ દેશના પ્રમુખ "ઇન્દ્રજિત" આ બાબતે ખુલાસો કરી તેમનો નિર્ણય કહેશે. આમ ત્રણેય પ્રમુખોએ, આ ખુલાસા માટે સ્વર્ગ દેશના પ્રમુખ "ઇન્દ્રજિત" પાસે જવાનું નક્કી કર્યું. ત્યાં મુલાકાત ગોઠવાઈ. બધી જ વાત સાંભળ્યા બાદ પ્રમુખ ઈન્દ્રજિતે જુગલભાઈ બગલને કહાં કે અન્ય દેશોમાં જીત મેળવવી સહેલી છે, ખાસ કરીને કળીયુગમાં, તે પણ શામ, દામ, દંડ અને અનીતિથી; પરંતુ, તમે પોતાના મન ઉપર જીત મેળવશો, એટલે કે "સ્વયંજિત" થશો, તો હું પણ તમને "વિશ્વજિત"ની માન્યતા પ્રદાન કરીશ.
જુગલભાઈ બગલ સંકોચ પામ્યા કે આ "સ્વયંજિત" વસ્તુ શું છે ? ઈન્દ્રજિતને તેમણે સમજાવવા કહ્યું. ત્યારે ઈન્દ્રજિતે કહયું, "જુઓ, જુગલભાઈ બગલ , ઇન્દ્રિયો ઉપર જીત મેળવવી એટલે સ્વયં ઉપર જીત મેળવવી. મનુષ્ય યોનિમાં તમને બધાને તેથી જ જન્મ મળ્યો છે કે કંઈ પુણ્યનું ભાથું બાંધો. સત્તા, સ્વાર્થ, સામ્રાજય વિસ્તાર, અસુરવૃત્તિ ફેલાવવા નહીં; પરંતુ, પ્રેમ, નિઃસ્વાર્થ મન થકી જ વિશ્વને જીતો. કારણ, તમે વિશ્વને જે આપશો, તે જ પાછુ મેળવશો. પીંગલ દેશના પ્રમુખ પદમજી મુછછડને પણ તેમણે આ જ વસ્તુ સમજાવી. અમરાપર દેશને પણ માન રાખ્યાં રહે, માગ્યા ન મળે તેમ વધુ સમજ આપી. પીંગલ દેશમાં અસુરોને બદલે શાંતિદૂતો કેળવો તેમ જણાવ્યું. તેને માટે સદ્ગુણોની જરૂર પડે, તો આ ભગીરથ દેશ પાસે ઘણાં જ શાંતિદૂતો છે, જેઓ નિઃસ્વાર્થ પ્રેમનો સંદેશ તેમજ અન્યની સહાય અને સેવા કરવા કેળવાયેલા છે, તેમ કહયું .
સૌ પ્રથમ આટલું કરશો, તો તમને સંતોષ મળશે, એમ પ્રમુખ ઈન્દ્રજિતે બધાને કહયું , "ઇન્દ્રિયોને જીતી લેશો, તો સ્વયંને જીતશો, અને સ્વયંજિત થશો તો "વિશ્વજિત" થી જ"
વળી તેમણે જુગલભાઈ બગલ અને પદમજી મુછડને વિશેષ કહ્યું, "તમે બે બાજુ ફૂટતી બંદુક વાપરો છો. જેને પોષ છો, તે જ તમારો કાલનો દુશ્મન છે, જે આજે મિત્ર ભાસે છે. તો તમારી

તરફ પણ આ બંદૂક ફૂટે જ, તે ભૂલતા નહીં. ”
સ્વર્ગના પ્રમુખ ઈન્દ્રજિતની વાત પૂરી થઈ. ત્રણેય દેશોના પ્રમુખો છૂટા પડયા અને અમરાપર દેશના પ્રમુખ જુગલભાઇ બગલ “સ્વયંજિત” બનવાની કોશિષ કરવા લાગ્યા. પદમજી મુછડ પણ બોધ સમજ્યા અને ભાઈચારો કેળવવા લાગ્યા. ત્રણેય દેશો જાણે સ્વર્ગમય વાતાવરણમાં વિશ્વમાં નવા નિઃસ્વાર્થ પ્રેમ અને ભાઈચારાના સદ્ગુણ કેળવી રહેવા લાગ્યા . ત્રણેય દેશો “સ્વયંજિત” થયાં. વિશ્વજિતની મહત્વાકાંક્ષા બધા વીસરી ગયા. ૪

જો “સ્વયંજિત” થવા વિશ્વ પ્રેરાય, તો વિશ્વનો પ્રેમ અને સેવાથી શું જગત ઉપર વિજય ન મેળવાય ?

---

૧૦. બુદ્ધિજીવી જીવકાસિંહ

ચાંપાનગરીમાં દિવ્યરાયસિંહ નામે રાજા રાજ કરે. મહેલમાં ચંદ્રવતી મહારાણી અને તેમનો બાર વર્ષનો કુંવર, સોનકુંવર રહે. રાજાને શિકારનો બહુ જ શોખ. તેઓ તો કુંવરને લઈને, શિકાર કરવા જંગલમાં જાય.

એક સમયની વાત છે. રાજાની તબિયત ખરાબ થઈ. સોનકુંવરે શિકાર કરવા જવાની હઠ પકડી. રાજાને બહુ જ સમજાવ્યો. પરંતુ, તે તો માને જ નહીં. છેવટે રાજાએ મંત્રીને કહ્યું , “મંત્રીજી, તમે કુંવરને જંગલમાં શિકાર કરવા લઈ જાઓ“ તેથી એક ઘોડા ઉપર મંત્રી બેઠા અને બીજા ઘોડા ઉપર કુંવર; એમ શિકાર કરવા નીકળ્યા.શિકાર કરતાં ઘણો સમય નીકળી ગયો. મંત્રીએ તો કુંવરને ઘોડો દોડાવવાનું કહ્યું. કુંવર ઘોડો તો મજાનો દોડાવ્યો, પણ તે તો ભડકયો અને કાબૂમાં જ ન આવ્યો. અંધારું થવા આવ્યું, અને કુંવરનો ઘોડો કયાંયે નીકળી ગયો. મંત્રીજી તો ચિંતામાં પડી ગયા. આગળ પાછળ બધે જ જોયું; પરંતુ, છેવટે થાકીને મોડી રાત્રે આવી, રાજાને આ વાતની જાણ કરી. રાજા અને રાણી તો ઘણી ચિંતામાં પડી ગયા. બે દિવસ રાજા પોતે કુંવરને શોધવા ગયા; પરંતુ, કંઈ ભાળ ના મળી. તેથી રાણીની તબિયત ઘણી જ બગડી. વૈધોને બોલાવ્યા; પરંતુ, રાણી સાજા જ ન થાય. રાજાએ તો જે કુંવરને શોધી આપે અને રાણીને સાજા કરી આપે, તેને એક હજાર સોનામહોરનાં બે ઈનામ મળશે તેવો ઢંઢેરો પીટાવ્યો.

ઘણા વૈધો, હકીમો, મંત્રવિધા જાણનારાઓ એક હજાર સોનામહોર મેળવવા રાણીને સાજી

કરવા પોતાના ઉપાયો કરવા લાગ્યા; પણ કંઈ ફરક જ ન પડયો. આ ગામમાં જીવકાસિંહ રહે. તેને થયું કે આ રાણી તો આમ વૈધ, હકીમોથી સાજાં નહીં થાય, કારણ, તે તો મનનાં રોગી છે. તેણે વિચાર કર્યો; કે જો હું કુંવરને મેળવી આપું, તો રાણી સાજાં થાય અને બન્ને ઇનામ તેને મળે. જીવકાસિંહ તો જંગલમાં કુંવરની શોધ માટે નીકળ્યા. બે દિવસ સુધી શોધ કરી; છતાં કંઈ પત્તો જ ન લાગ્યો. બીજી સવારે અચાનક, તેમણે કંઈક ચળકતી વસ્તુ જમીન ઉપર જોઈ. જીવકાસિંહે તે વસ્તુ હાથમાં લીધી તો કોઈ કિંમતી વીંટી હતી . તેને થયું કે તે ચોક્કસ સોનકુંવરની હોવી જોઈએ. બીજું, તેને તરત ધ્યાનમાં આવ્યું, કે ઘોડો. અહીંથી જ નીકળ્યો હશે તેથી અહીંથી જ ઘોડાના પગલાં જ્યાં દેખાય ત્યાં જવું. થોડે દૂર ગયાં, ત્યાં તો ઘોડો એક નાની ખીણમાં મરેલો પડેલો હતો. તેને થયું કે નક્કી, આ સોનકુંવરનો જ ઘોડો છે; માટે કુંવર આટલામાં જ કયાંક હોવા જોઈએ. તેમણે આજુ બાજુ ઘણું જોયું, પણ કુંવર કયાંયે દેખાયા નહીં. જીવકાસિંહને તો ચિંતા થઈ કે કુંવર જીવે છે કે નહીં?

તે થોડું ખીણમાં ઉતરવા લાગ્યો, ત્યાં તો કુંવરનો નાનો મુગટ પણ મળ્યું. હવે તેને પાક્કી ખાત્રી થઈ ગઈ. જીવકાસિંહ જેવો મુગટ હાથમાં લેવા ગયા, તેવું એક તીર જોરથી, એની બાજુમાંથી પસાર થઈ ગયું. તે તો ડઘાઈ જ ગયો. ત્યાં તો દૂરથી અવાજ આવ્યો, “મારા મુગટને હાથ ના લગાડતા, નહીં તો આ તીરના શિકાર થશો.”
જીવકાસિંહે જોયું, તો સામે ઝાડ ઉપર કુંવર જ બેઠા હતા. તેમણે કહ્યું “બેટા, સોનકુંવર, હું તમને જ લેવા આવ્યો છું. રાજાજી તમને બોલાવે છે. રાણીમાં તમારા વિના રોવે છે. ચાલો જલદી”. આ સાંભળી, કુંવર દોડી આવ્યા. જીવકાસિંહ અને સોનકુંવર સાથે આવ્યા. રાજાએ તેમનું સન્માન કર્યું. અને રાણીમાંનો રોગ પણ કુંવરને જોઈને જ જાણે ભાગી ગયો. આમ બુદ્ધિજીવી આવકાસિંહને બે હજાર સોના મહોર મળી.

બુદ્ધિજીવીઓ પોતાને તેમજ અન્યોને મદદરૂપ થાય છે ને ?

---

૧૧. તરુવરના ઋણ

સારંગપુર નામે એક ગામ. તેમાં દર બાર વરસે મેળો ભરાય. જો કે ગામની વસ્તી તદ્દન ઓછી. પરંતુ, આજુબાજુનાં ગામ તેમજ શહેરીજનોની મેદની ત્યાં મેળામાં ભેગી થાય.
એકવાર આ મેળામાં, બહુ જ દૂરથી નાનાં ભૂલકાં સોહમ્ અને તેની બહેન મૌની, તેમનાં માતા-પિતા સાથે આવ્યા. મેળામાં તેમણે પણ બધા લોકોની જેમ મજા કરી, ખાધું પીધુ, રમ્યા અને ફર્યા, ત્યાં સાંજ પડી.
અચાનક આ ઢળતી સાંજના પ્રહરે, રમવાની લાલચે, સોહમ્ અને મીની ગાઢ વનરાઈમાં આગળ નીકળી ગયાં. બીજી તરફ, તેમનાં માતા-પિતા હાંફળા- ફાંફળાં આમ- તેમ તેમને શોધતાં રહ્યા. સોહમ્ અને મૌની ગાઢ જંગલમાં એકલાં પડી ગયાં. વિખૂટા પડી જવાથી, તેઓ રડવા લાગ્યા. જંગલમાં તો જાત- જાતનાં પ્રાણીઓના અને તમરાંઓના અવાજો આવે; તેથી તેઓ વધુ ગભરાઈ ગયા. છેવટે અડધી રાત આમ જ વીતી ગઈ , ત્યાં એક વડના ઝાડની વડવાઈ નીચે તેઓ બન્ને ઠુંઠવાતાં સૂઈ ગયાં .
પ્રભાતિયે સૂરજ દેવતાના પ્રથમ કિરણો તેમની ઉપર પડ્યાં. તે સમયે સોહમને બહુ જ પેટમાં દુઃખતાં, તે રડવા લાગ્યો. મૌની પણ હેબતાઈ ગઈ.અચાનક એક કાંટાળા ગુલાબના છોડમાં તેનો ખમીસ ભરાઈ ગયો તે કાઢતાં, સોહમને એમ લાગ્યું, કે જાણે પેલો છોડ તેને બોલાવતો ન હોય, હા, ખરેખર આ તો તે ગુલાબનો છોડ જ વાત કરતો હતો.

સોહમ કહે, "શું આપ મને કંઈ કહી રહ્યા છો?"
ગુલાબનો છોડ કહે, "હા, કુમાર, હું તને જ કહું છું. અમે આ વનરાઈમાં લાંબા સમયથી એકલા હતા. આજે અમારા અહોભાગ્ય, કે તમારી સાથે મિત્રતા કરીશું. " સોહમની આંખમાં પાણી આવી ગયાં.
સોહમ કહે, "અમે તો અમારા માતા-પિતાથી મેળામાં વિખૂટા પડી ગયા છીએ, તેથી આવી એકલતામાં, અમને જો તમારી મિત્રતા અને સહકાર મળશે, તો અમારું મન પણ ભર્યું રહેશે. જુઓ મારું નામ સોહમ્ છે; અને આ મારી નાની બહેન મૌની છે."
ગુલાબનો છોડ કહે "પહેલાં કહે તો ખરો, કે તું કેમ રડે છે? કદાચ તને હું મદદરૂપ બની શકું.
સોહમ કહે, મને પેટમાં બહુ દુઃખે છે તેથી મને તેનો ઉપાય શું, તે ખબર નથી?"
ગુલાબનો છોડ કહે, "જો સોહમ્ આપણા આ જંગલમાં અનેક છોડ, વૃક્ષ મારા મિત્રો છે, તે તમારા પણ મિત્રો જ છે. જે હવે તું આ અજમાનો છોડ છે, તેની પાસે જઈને વિનંતી કર તો તે તરૂવરના કણઅચૂક સાંભળશે; અને તું તેમની સંમતિ લઈને ત્રણેક પાંદડા ખાઈ જઈશ, તો તને પેટમાં દુઃખતું બંધ થઈ જશે. " સોહમ, આમ અજમાના છોડને જઈને વિનંતી કરવા લાગ્યો, પ્રાર્થના કરી કે , " શું હું તમારા આ છોડમાંથી બે-ત્રણ પાંદડા લઈ શકું ?"
અજમાનો છોડ આ સાંભળતા જ લહેરાયો, કેમ જાણે તેણે પરવાનગી ન આપી હોય !
ત્યાં તો તે છોડ પણ બોલ્યો, "લે ભાઈ, સોહમ, તું કોઈ પણ ત્રણ કુમળાં પાંદડાં તોડી લે, જેથી તને રાહત થશે."
સોહમે આશ્ચર્ય સાથે છોડને પૂછયું, "મને એક વાત ન સમજાઈ, કે મારા ગામમાં તો હું અત્યાર સુધી વગર પરવાનગીએ ફળ, ફૂલને પાંદડા તોડતો હતો, પરંતુ તમારી પાસે પરવાનગી મેળવવા પ્રાર્થના કે વિનંતી કેમ કરવાં પડે ?"
છોડે કહ્યું, "જો સોહમ્, શું હું તારો નખ તને પૂછ્યા વગર ખેંચી લઊં, તો તને દુ: ખશે કે નહીં?" તો પછી અમારું વનસ્પતિનું કાર્ય તમામને સહાયરૂપ થવાનું જ છે; તો તમે પ્રેમથી, પ્રાર્થનાથી અમારા પાંદડાં તોડશો, તો નવાં પાંદડાં ઊગવાનાં જ છે. પ્રેમથી તોડેલાં પાંદડાંમાં, અમારા પ્રેમની સાથે ગુણ અને તત્વ પણ હોય છે, જેનાથી પ્રાણી માત્રને ત્વરિત સહાય મળે છે. જો સોહમ, પ્રાર્થના કરી હોય, તો ભેટ સાર્થક નીવડે." હવે સોહમને સમજાયું. સોહમે પ્રાર્થના કરી, ત્રણ પર્ણો પ્રેમથી તોડીને ચાવવા લાગ્ધ. અજમાના પાંદડાં ખાતાં જ, થોડીવારમાં તેને પેટમાં વાયુનો



દુઃખાવો હતો , તે બંધ થઈ ગયો. તે તો ઘણો ખુશ થઈ ગયો. તેવામાં મૌનીને ચાલતાં એક પથ્થરની ઠેસ વાગી અને તે પડી ગઇ. તેના ઘૂંટણમાંથી લોહી નીકળવા લાગ્યું. તેથી, તરત જ

અજમાનો છોડ બોલી ઉઠર્યો "અરે, મૌની ! તું રડ નહીં, ઊઠ જો, આ અહીંથી પેલા ખૂણામાં, ઘા- બાજરીયાનો છોડ આપણો મિત્ર જ છે. તેને વિનંતી કરી, તેના ત્રોફામાંથી કપાસ જેવું પડ નીકળે, તે ઘા ઉપર લગાડી લે, જેથી દર્દ નહીં થાય અને લોહી નીકળતું બંધ થઈ જશે. "
મૌનીએ તે પ્રમાણે કરતાં, લોહી બંધ થઈ ગયું, અને દુ:ખાવો પણ ગાયબ થઈ ગયો. આમ વાતો કરતાં કરતાં, સોહમ અને મૌનીને બહુ જ ભૂખ લાગી હતી પરંતુ હજુ તો સવારનો જ સમય હતો. તેમને રોજ સવારે દૂધ પીવાની આદત હતી. વડનું ઝાડ, જાણે દાદાનું કામ કરતું હોય, તેમ મિત્રો જેવા જુદા જુદા છોડવાઓ સાથે એ બન્નેનો પરિચય કરાવતું હતું. થોડીવારે, એ બન્ને ભાઈ- બહેનને પપૈયાના ઝાડ નજીક બોલાવ્યા અને કહયું "લ્યો, આ મારૂં ફળ પાકી જ ગયું છે ; એ દૂધાળું ફળ ખાતાં જ, તમને દૂધ જેવી પરિતૃપ્તિ થશે. વધુમાં, અમારા આવા દૂધાળા શાક પણ મિત્રો પણ હોય છે, જેવાં કે દૂધી, રતાળુ વિગેરે" સોહમ અને મૌનીએ પ્રેમથી પપૈયાનું ફળ આરોગ્યું . સોહમને હંમેશાં ચાદર ઓઢીને જ સૂવાની આદત હતી; પરંતુ જંગલમાં આગલી આખી રાત, તે ચાદર ઓઢયા વગર જ સૂતો હતો;

તેથી ખુલ્લા જંગલમાં તેને શરદી થઈ ગઈ, અને ખૂબ છીંકો આવવા લાગી. આ જોઈને થોડે દૂરથી, તુલસી અને અરડૂસીના મિત્ર છોડે તેમને નજીક આવવા બૂમ પાડી, અને આ બન્ને ભાઈ બહેનોનો પરિચય કેળવ્યો. થોડી હળવી ક્ષણો પણ માણી તુલસીના છોડે, સોહને કહ્યું, "તું, પાંચ- સાત પાંદડાં, મારા છોડમાંથી પ્રાર્થના કરી ખાઈ લે, તો તને શરદીમાં જરૂર રાહત થશે." સોહમે આમ તુલસીના પાંચેક પાંદડાં, પ્રાર્થના કરી ખાઈ જતાં, તેને ઘણો જ શેક મળ્યો.બપોર સુધી બન્ને ભાઈ- બહેન ફરી રમ્યા-રખડયાં. પછી વળી પાછા તેમને ભૂખ લાગી. તેઓ વડદાદાના જાણે ખોળામાં ન બેઠા હોય, તેમ નીચે બેસી અને ખોરાક માટે મનમાં પ્રાર્થના કરવા લાગ્યા.

વડદાદાએ તેમને ઘણાં રમાડયાં. વડવાઈઓમાં ઝૂલાવ્યા પછી તેમને કહ્યું કે અહીં તમને ફળનો જ આહાર મળી શકે, તેથી તેમણે માર્ગદર્શન આપતાં કહયું કે નજીકમાં, પેલે પાર જંગલમાંથી પ્રાર્થના કરીને કેળાં, ચીકુ, જામફળ, કેરી એવા ઘણાં ઝાડની મિત્રતા કરી ફળ આરોગો. સોહમ અને મૌની તો ભૂલી ગયા હતાં કે તેઓ માતા-પિતાથી વિખૂટા પડયાં છે. છતાં બે દિવસ બાદ અચાનક મૌનીને તેના માતા-પિતા યાદ આવ્યાં. હવે તેનાથી રહેવાતું ન હતું. સોહમે પણ તેને સમજાવવા ઘણાં પ્રયત્નો કર્યા. છેવટે વડદાદાએ એક વાંદરા ભાઇને વિનંતી કરે કે થોડે દૂર સરોવર કાંઠે નાળિયેરીના ઉંચા ઝાડોમાં ચડી જુઓ કે સોહમ - મનીનાં માતા- પિતા કે કોઈ તેમને શું શોધી તો રહ્યો નથી ને ? વાંદરાભાઈ પણ ચતુર સુજાણ હતા. તેઓ સોહમનો ખમીસ થોડીવાર માટે લઈ, નાળિયેરીના ઝાડ ઉપર ચડી ગયા અને ખમીસ લહેરાવ્યો. થોડીવાર સુધી આમ - તેમ શાંતિથી જોયું, પછી તેના સ્વભાવ પ્રમાણે કૂદકા માર્યા. છેવટે તેને દૂર કોઈ બૂમો પાડતું દેખાયું. તેથી તેણે કૂદકા મારતાં જ તે ખમીસ લઈ જઈ તેમને બતાવ્યો.

- આ તો ખરે જ, સોહમ અને મૌનીના ચિંતાગ્રસ્ત માતા-પિતા જ લાગતાં હતાં . સોહમનો ખમીસ જોઈ તેઓને સમજણ પડી કે નક્કી બાળકો અહીં જ છે. વાંદરો સોહમ ભણી એક ઝાડથી બીજે ઝાડ કુદકા મારતો ગયો; અને તેમનો મિલાપ કરાવી આપ્યો. સોહમ-મનીનાં માતા- પિતા અને સોહમ મની અતિ પ્રસન્ન થયાં; પરંતુ તેમણે ઘેર જતાં પહેલાં આ બધાં જ વૃક્ષોનો અને વાંદરાભાઈનો હૃદયપૂર્વક આભાર માન્યો. તેમનું ઋણ તેઓ કદી ભૂલ્યા નહીં. શહેરમાં આવીને પણ, સોહમ-મૌની તરૂવર મિત્રોની સાથે અતિ ગાઢ મૈત્રી કરી બેઠા અને તરૂવરના ગુણો માનવ સ્વાથ્ય માટે કેટલા ઉપયોગી છે તે જાણ્યું.
હવે તો કહેશો ને કે તરૂવર મિત્રોના આપણે ઋણી છીએ ને ? ... .

---

૧૨. વિચારની શક્તિ

ગોકુલનગર નામે એક ગામ, તેમાં પ્રીતમ નામે એક કિશોર રહે. તે બિચારો મધ્યમવર્ગના કુટુંબમાં ઉછરેલો. તેના મિત્રવર્ગમાં થોડા ધનિક મિત્રો પણ ખરા, તેઓની સાથે રમવા અને મળવાનો તેણે નિત્યક્રમ ગોઠવેલો હતો. પ્રીતમના મિત્રો પાસે ભૌતિક સુખ-સગવડના ઘણા બધાં સાધનો અને ઉપકરણો હતાં. તેમની પાસે મોબાઈલ પણ હતો. ઘણીવાર પ્રીતમને આ બાબતે ઉડો સંકોચ થતો. એક વાર અતિ ગ્લાનિ પામેલો અને પોતાને મિત્રોમાં લઘુતાગ્રંથિથી પીડાતો જાણતાં તે શહેરના દૂર એકાંત વિસ્તારમાં ચાલ્યો ગયો.

એવામાં ત્યાં એક મોટી ઉંમરના વડીલ, દાદુભા બેઠા હતા. તેમણે પ્રીતમને અતિ નિરાશામાં બેઠેલો જોઈ, નજીક બોલાવ્યો અને તેની સાથે વાત કરતાં તેના હૃદયના વિચાર ને જાણી લીધો.

થોડીવાર પછી દાદુભાએ પ્રીતમને સમજાવ્યો, “બેટા, આ મોબાઇલ જેવા આધુનિક ઉપકરણનો તું ગુલામ ન થઇશ. શું તું જાણે છે કે આપણાં બધાં મનુષ્યોને ઈશ્વરે મનરૂપી એક અમૂલ્ય ભેટ આપી છે? અરે! આ મનથી જ તો વિચાર વિનિમય થાય છે; વળી આપણા પૂર્વજોના સમયમાં શું આજના રેડિયો, દૂરદર્શન કે મોબાઈલ જેવા આધુનિક ઉપકરણો હતાં? ના, અને તે છતાં પણ મનને કેળવતાં આપણા વિચારો એટલા બધા પ્રબળ રહેતા કે વ્યકિત તરફ તે ઉદ્દેશીને કર્યા હોય, તે તરફ તે દિશાગતિ પણ કરતા હતા.”

પ્રીતમ, “દાદુભા ! દાદુભા! મને આ બાબત કંઈ વધુ જણાવશો; જેથી કરીને હું પણ આજની મારી મધ્યમવર્ગની કુટુંબ વ્યવસ્થામાં વિના કોઈ ધન થયે, આપનું આ માર્ગદર્શન મેળવી મારા મન અને વિચારોને કેળવી શકું?”

દાદુભા, “ચોક્કસ, જ, પ્રીતમ, તે કોલસા અને વરાળથી ચાલતી આગગાડી, ચિત્રોમાં કે ચલચિત્રોમાં તેમજ દૂરદર્શનમાં શું કદાચ જોઈ હશે ખરી?”

પ્રીતમ, “હા, સાચે જ જોઈ છે; અમે એક સમયે મારા નાનાને ઘેર ગયા હતા, ત્યારે તે માર્ગમાં આવી આગગાડી જોઈ, મને ઘણું જ આશ્ચર્ય થયું હતું, તેમજ મજા પણ આવી હતી.”

દાદુભા, “બસ, તો પછી તેનો સિદ્ધાંત એવો છે કે આ કોલસા અને પાણીથી ઉત્પન્ન થતી વરાળ, એક જ જગ્યાએ પૂર જોશથી એકત્રિત થાય છે અને તે વરાળ એનાં યંત્રોને જોરથી ધક્કો મારતાં આગગાડીના પૈંડા ચાલવા લાગે છે. પછી આગગાડી પૂર જોશથી દોડે છે. તે જ પ્રમાણે આપણા ઘેર પણ રસોઈ કરતી વખતે પાણી કે કોઈ અન્ય ખાદ્યપદાર્થ તૈયાર થતો હોય તો વાસણ ઉપર ઢાંકેલું છીબું વરાળથી ઉચું નીચું થતું તે જોયું છે ખરું?”

પ્રીતમ, “હા, દાદુભા, મને હવે થોડું થોડું તમે કહો છો તે સમજ પડે છે, પરંતુ આ બધાં સાથે આપણા વિચારોને શું સબંધ?”

દાદુભા, “બેટા, ઘણો જ સબંધ છે. આપણો એક માત્ર સારા વિચાર, જેટલો વિશ્વાસ અને શ્રદ્ધાથી જન્મે છે અને જેમ તેને વારંવાર કરીએ છીએ, તેટલો તે મજબૂત થાય છે. પરંતુ તે અન્ય વિચારોથી છિન્નભિન્ન ન થાય તે ધ્યાન રાખવું. તે જ વિચાર વારંવાર કરતાં તે વિચાર ખૂબ જ દ્રઢ થાય છે. પ્રબળ વેગથી તેના મોજાંની પ્રકાશની ગતિ કરતાં પણ તીવ્ર ગતિથી જે વ્યકિતને સંબોધીને કર્યા હોય, તે તરફ પહોંચી જાય છે.”

પ્રીતમ,“તો કેટલું સારું, પરંતુ મને શું આવો અનુભવ થયો હશે કે કેમ તે યાદ કરું ?” |


દાદુભા, “જે, પ્રીતમ ! તું યાદ કર કે કોઈ સમયે તારા માતા-પિતા પાસે તે તારા નિકટના સગાના ઘેર જવાની તીવ્ર ઈચ્છા કરી હોય અને થોડા સમય બાદ તે તારી ઈચ્છા ખરેખર પૂર્ણ

થઈ
પ્રીતમ, (ઉંડો વિચાર કરતાં), “હા ! હા ! યાદ આવ્યું, ગયા વર્ષે દિવાળીની રજામાં મારે મારા મામા પાસે ધનગામ જવું હતું. મેં તેમને ઘણું કહયું કે, “તમે મારી પાસે રોકાઈ જાવ, પરંતુ તેઓ માન્યા ન હતા, પરંતુ ત્રણેક દિવસમાં તો મારા મામાને જાણે મારી યાદ બહુ જ આવતાં, તેઓ જ ફરી મારી પાસે આવ્યા, અને અમે ઘણી ગમ્મત કરી અને ઘણા દિવસો સાથે રહા પણ ખરા.” - દાદુભા, “તું કહે, તારા વિચારો આધુનિક ઊપકરણો કે દૂરધ્વનિ વિના જ, તારા મામા પાસે પહોંચી ગયા કે નહીં ? તને ખબર નથી કે આપણા ભારતના આદિ સંત-મહંતો પણ પૂર્વે આ પ્રમાણે જ પોતાની પ્રબળ ઈચ્છાશકિત અને તીવ્ર વિચારોના મોજા દ્વારા સંદેશાની આપ-લે કરતા હતા, તેની પુષ્ટિ માટે ઘણા પુસ્તકોમાં પણ આ બાબત ઉલ્લેખ છે; વળી તેમાં આ બાબત ઘણાં જ રસદાયક દૃષ્ટાંતો પણ હોય જ છે.”
પ્રીતમ, “(દાદુભાને ભેટી પડતાં) આજે તમે મને સારી અને સાચી સલાહ આપી કે આપણા મનમાંથી ઊદભવતા વિચારોની મૂડીનો હું યોગ્ય ઉપયોગ કરી, મારા વિચારોને સંદેશ આપ-લે માટે કેળવું અને આધુનિક ઉપકરણોનો ગુલામ ન થાઉં.”
- દાદુભા, “બેટા ! સાંભળ, તને સિદ્ધિ મળશે જ, પરંતુ બહુ વિચારો એકી સાથેના કરીશ નહીં, અન્યથા તારો મુખ્ય વિચાર વિખરાઈને વચ્ચે જ ક્ષીણ થઈ જશે. બીજું આ આધુનિક ઉપકરણોના લાંબે ગાળે થતા વિપરીત કિરણોનો પણ તું ભોગ નહીં બને ?, ચાલ, હવે અંધારું થયું છે. આપણે બંને ઘેર પાછા જઈએ.”

બાળમિત્રો, ખરેખર, કેટલી અદભૂત અને ચમત્કારિક છે, આપણા વિચારોની સંદેશવાહક શકિત.

---

૧૩. નિયમનો જાદુ



આંબલી નામે એક ગામ હતું. તેમાં બે બાળમિત્રો રહે. તેમનાં નામ રોહન અને સોહન. રોહન, રોજ સવારે વહેલો ઊઠે. નાહી-ધોઈને શાળાએ નિયમિત જાય. જ્યારે સોહન અતિ આળસુ તેના ઊઠવાના કંઈ જ ઠેકાણા નહીં. વળી કોઈકવાર તો નાહયા-ધોયા વગર જ, વિખરાયેલા વાળે તે શાળાએ પહોંચી જાય.

પરંતુ મજાની વાત કેવી કે બંને મિત્રો એક જ વર્ગમાં ભણે, છતાં બંન્નેની વર્તણુંકમાં વિરોધાભાસ. આ પ્રમાણે અભ્યાસ કરતાં વાર્ષિક પરિક્ષા નજીક આવી ગઈ. રૉહન તો નિત્ય અભ્યાસ કરી લીધા બાદ જ રમવા જતો. જ્યારે સોહન તો હજી અડધા જ અભ્યાસક્રમે માંડ પહોંચ્યો હતો. -

ઠાકરસાહેબ તેમના વર્ગ શિક્ષક હતા. તેમને આ બધી બાબતનું ધ્યાન હતું. એકવાર તેમણે વર્ગનો અભ્યાસ પૂરો થયા બાદ સોહનને અને રોહનને તેમની પાસે બોલાવ્યા. ' તેમણે રોહનને પૂછ્યું "તમે બન્ને આટલા સારા મિત્રો છો; છતાં રોહન, તું સોહનને કેમ નિયમિતતા બાબત સમજાવતો નથી?"

રોહન, "સાહેબ, હું તેને ઘણીવાર તે બાબત કહું તો છું; પરંતુ, તે તેનો અભ્યાસ કરી શકતો નથી; કારણ, નિયમિતતાનો અમલ કરવામાં તે પાછો પડે છે."

ચાલ, સોહન, સાંભળ હોં ને! કાલથી તું સવારે વહેલો છ વાગે ઊઠી, નાહી- ધોઈ અને પછી જ શાળાએ આવજે."

સોહને મોઢું મચકોડતાં કહ્યું, "સાહેબ, મમ્મીને હું રોજ કહું છું , પરંતુ મને આળસ આવી જાય છે અને એટલી બધી નીંદર આવે છે કે મમ્મીની વઢ પણ હું સાંભળી શકતો નથી."

જો સોહન, એકવાર.. માત્ર એકવાર જ તું પથારીમાંથી ઊભો થઈ જઈશ ને પછીનું બધું જ આપોઆપ થશે. આળસ કાઢવાની આ ઉત્તમ રીત છે."

બીજા દિવસે તેમના માતા- પિતાને તેઓ મળ્યા, અને એક યોજના ઘડી કાઢી. તેમણે એક કપડાંનો ખોટો રમકડાંનો ઉંદર બનાવી રોજ સવારે તેના ઉપર ફેંકવાનું તેની મમ્મીને કહ્યું; સવારે છે ના ડંકાએ સોહનની મમ્મીએ તેના ઉપર ઉંદર ફેંકયો, અને બૂમ પાડી.

"સોહન, ઊભો થઈ જા સફાળો, તારા ઉપર તો ઉંદર દોડે છે. જો, તે તારા પેટ ઉપર થઈને નીકળી ગયો. સોહનને જાણે ઉંદર તેના પેટ ઉપરથી ફર્યાનો ભાસ થયો. તેની મમ્મીએ તેને તે સોફા નીચે દેખાડી દીધો. તે પછી સોહનની નીંદર ઊડી ગઇ. તે બ્રશ કરી; નાહી- ધોઈને

શાળાએ આવ્યો. ઠાકરસાહેબ તેની પ્રશંસા કરતાં, તેને પ્રોત્સાહિત કરતા હતા. ધીરે ધીરે, તે નાહી-ધોઈને રોજ નિયમિત શાળાએ આવતાં સ્ફૂર્તીમાં રહેતો, જેથી વર્ગની અંદર અભ્યાસમાં પણ તેનું ધ્યાન પણ રહેતું. રોહન તેની સાથે બેસી ભણવાનો નિયમ પણ રાખતો; આમ બંને મિત્રમાં એકરૂપતા આવી. આખો દિવસ તે ઉધમમાં રહેતો. આઠેક દિવસ સોહનની મમ્મીએ આમ કર્યું, એટલે સોહનની આંખ રોજ સવારે છ વાગે ઉઘડી જતી.

એક દિવસ પોતાની મેળે ઠાકરસાહેબે તેને પોતાની પાસે બેસાડયો અને કહ્યું, "“જે સોહન, હવે તું રોજ સવારે છ વાગે જાગી જાય છે ને ? એક વાર સારી આદત પડે તો નિયમ બંધાઈ જાય, આપણું આ શરીર પણ એક કોમ્પ્યુટર જ છે. તેના પ્રોગ્રામર પણ આપણે જ છીએ. આપણું મગજ ઘણી યાદશકિતઓ ધરાવે છે. તારો કાર્યક્રમ તું પોતે જ બનાવ અને જીવનમાં રોજ નિયમિત રહેવાથી, આપણા શરીર અને મગજ બંને સતર્ક રહે છે. રોજ તું શાળા છૂટયા બાદ જમીને; આરામ કરી રોજનો અભ્યાસ નિયમિતતાથી પોતે જ કર ; આમ કરવાથી તેને પોતાના બળ. અને મહેનતથી જ સફળતા મળશે."

સોહન, "સાહેબ, હવે મને સમજાય છે, જીવનમાં નિયમનો અમલ એકવાર કરવામાં તકલીફ પડે છે, પરંતુ જે સામે ચાલીને આળસ મરડીને તેનો રોજ અમલ કરીએ, તો આપણું મન અને સ્વાથ્ય હંમેશાં સ્ફૂર્તીલા રહે છે. હવેથી હું નિયમિત ભોજન, પ્રાર્થના અને અભ્યાસ કરી, રાત્રે નિયમથી સૂઇ જઇ અને સવારે રોજ નિયમથી જાગવાની પ્રતિજ્ઞા લઉં છું."

બાળમિત્રો, નિયમના અમલમાં જાદુ છે ને ? આજનું કામ આજે.

૧૪.વર્તમાનમાં જીવવાની શૈલી



રતનપુર નામે એક ગામ. ગામમાં ગજુભાઈ નામે એક ધનાઢય વેપારી રહે . ગજુભાઈનો વ્યાપાર ખૂબ સુંદર રીતે ખીલ્યો હતો.

તેઓ ઘણાં વર્ષો વ્યાપારમાં વ્યસ્ત રહ્યા. અઢળક નાણું પણ કમાયા. નીતિ-અનીતિ, ધર્મ અધર્મ, પાપ-પુણ્ય, તેમજ શામ, દામ, દંડ, ભેદથી, હરીફાઈના યુગમાં તેઓ વ્યાપારમાં ટકી તો રહ્યા. પરંતુ છેલ્લે થાકયા. રોજ તબિયત થોડી થોડી બગડતી હતી. પરંતુ, હવે પચાસ વર્ષો વટાવ્યા પછી, તબિયત ઘણી લથડતી હોય, તેમ તેમને લાગતું હતું. શરીરથી તો માંદા પડયા; પરંતુ, મનથી પણ વધુ માંદા પડયા. ઘણાં જ દાકતરોની, વૈદોની દવાઓ લીધી; પરંતુ, તબિયત વળી નહીં.

એકવાર તેઓએ નક્કી કર્યું કે રોજ સવારે ફરવા જવું. અને આ પ્રમાણે ચાલવાથી કંઈક રાહત થશે; કારણ, આમ તો જીવન ભોગવિલાસમાં વાહનોમાં ફરતાં જ ગયું. તેઓ આમ રોજ ફરવા જતા હશે, તેવામાં તેમને એક દિવસ બહુ તડકો હોવાથી તરસ લાગી. તેમણે આમતેમ નજર કરી, તો એકાદ મજૂરમામાં નજરે ચડયા. તેમને નજીક બોલાવી, પાણી માટે પૂછ્યું. મજૂરમામાં તો નજીકથી પાણી લઈ આવ્યા. ગજુભાઈને સહેજ રાહત થઈ.

થોડીવાર શાંત રહી, તેમણે મજૂરમામાને પૂછ્યું. “તમારું નામ શું છે, ભાઈ ? તમે શું કામ કરો છો?”

“મારૂ નામ મંગુમામા છે, સાહેબ, અમે રોજ સવારે બધાં અહીં કામ માટે એકઠા થઈએ છીએ. આજે હજી મને કામ મળવાનું બાકી છે, નહીં તો ઘણીવાર વહેલું મળી જાય છે.”

મંગુમામા, પણ તમે કોઈ બચત કરી હશે કે નહીં? કારણ જો આજે કામ ન મળે તો રોટલા શું ખાશો અને ઘરવાળાને શું ખવરાવશો ?”

કાકા, અમે બધાં તો વર્તમાનમાં જીવનારા, આજનું રળી, આજે ખાઈએ; તેથી જ તો રોજી ઉપર નભીએ. અમારે વળી એકાદ-બે દિવસથી વધુ બચત શેની?”

પરંત તમે આટલાં વરસોથી બધા જ આમ રખડો છો, તો શું તમને બધાંને કામ અને રોજી મળી રહે છે ખરી?”

“હા, અમારા ઈષ્ટદેવનું સ્મરણ, તેમના ઉપર શ્રદ્ધા રાખી, ઘરેથી નીકળીએ છીએ; અને મહેનત

એ અમારી મૂડી છે. બસ, આ બે વસ્તુ જ અમારા સાથી. આજ દિન સુધી પેટને પાટા દીધા નહીં હોં કે !
ગજુકાકાને તો ઘણું જ આશ્ચર્ય થયું કે આ મામાઓ વિશે સાંભળ્યું હતું, પરંતુ, તેમને નજીકથી સમજવાનો મોકો તો આજે જ મળ્યો છે. ઊંડા વિચારમાંથી ગજુકાકા બહાર આવ્યા. ક્ષણમાં તો તેમણે, તેઓ બન્નેના જીવનની વિરોધાભાસી, રહેણી-કરણીનું મનોમંથન કર્યું, પછી ફરી મંગુમામાને પૂછયું,
"તમે માંદા પડો તો તમારા ઘરના રોટલા કેમ મેળવો છો?"
અમારું નિયમિત અને મહેનતુ જીવન, તેમજ શારીરિક પરિશ્રમને કારણે, અમારા શરીરને પૂરતી કસરત મળી રહે છે, બાપલા ! અને ભૂલથી શરીરે કંઈ વાગ્યું-ફીટયું તો મજબૂરીથી પણ ખાડો ન પાડીએ હોં ને? એમ જ સમજીએ કે જાણે આ શરીર છે જ નહીં. મનમાં શરીરની પીડા આવવા જ ન દઈએ હોં !"
"તો શું. તમને કોઇ ભય નથી સતાવતા?
મંગુમામા હસતાં હસતાં બોલ્યા.....
"અમારી પાસે જરૂરતથી વધુ ધન જ નથી, કે જેને સાચવવા અમારે દિન-રાત જાગવું પડે. અમે વર્તમાનમાં જ રળીએ. ભવિષ્યની ચિંતા હોય, તો કોઈ લઈ જાય, તેવો ભય રહે ને ? અમે તો મીઠી નીંદર માણીએ, હોં, પછી ભલેને આ ભોંય હોય. અમારી કમર અને સ્નાયુઓ છેલ્લે સુધી શકિતવાળા જ રહે. મકાન, પૈસો, ઘરેણાં, ગાડી હોય તો મનમાં ભય રહે ને? અમે તો મોતને પણ પ્રેમથી સ્વીકારીએ છીએ, પછી ભય કોનો, અને શા માટે?",
ગજુભાઈને થયું કે મંગુમામા ભલે સામાન્ય દેખાતા હોય, પરંતુ, વાત ઊંચી કહે છે. તેમણે વળતો પ્રશ્ન કર્યો.
"શું તમારા સંતાનો માટે પણ કંઈ સાચવવા તમે નથી ઇચ્છતા?" મંગુમામાએ આકાશ તરફ બે હાથ જોડી નમન કર્યા અને ઉત્તર દીધો...
"જુઓ, દરેક જીવ પોતાનું ભાગ્ય અને કર્મનું ભાથું સાથે જ લાવે છે. એવું અમારા વડીલો કહે છે. વળી, અમે અમારા સંતાનોને તૈયાર થાળીએ જમવાનું નથી શીખવાડતા, પાછું. જેને માટે જાય છે સાચવીએ તે તેને જ મળશે અને ભોગવશે, તેની શી ખાતરી ?"
"આ પંખી અને પશુઓ તેમનાં બચ્ચાં માટે શું કંઈ પણ મૂકી જાય છે, ખરા ? તેઓ પોતાની મહેનતથી, પોતેજ વર્તમાનમાં રળી ખાય છે. આપણે મનુષ્યો પણ મહેનત કરી પોતે નથી વાપરતા પણ બાળકોને વારસામાં ઘણું આપીએ છીએ. તેથી કોઈકવાર, અસંસ્કારી બાળકો, તેમનાં માતા પિતાને ઘરડાઘરમાં પણ મૂકી આવે છે. તેના કરતાં પોતાની આજની મહેનતનું પોતેજ ખાવું, પછી જો વધે તો બાળકોને આશીર્વાદ રૂપે ભેટ આપવી."
ગજુભાઈ તો સાવ અવાક્ જ થઈ ગયા. તેમણે જીવન જીવવાની શૈલી ઉપર આટઆટલા પ્રવચનો સાંભળ્યા હતાં; પરંતુ, તેનો પ્રત્યક્ષ અમલ કરનારને જોઈ તેઓ ઘણા ખુશ થયા. તેમણે મંગુમામાને બે હાથ જોડી નમન કર્યા.
આજે તમે મારી આંખ ખોલી છે. મંગુમામા, વર્તમાનમાં જે મળે તે મહેનતથી રળવું અને ઈષ્ટદેવ ઉપર શ્રદ્ધા રાખી સારું જ વિચારવું. તેમાં જ સંતોષ માનવો એ મને આજે સમજાયું. "

બાળકોસ્તો, આજનું કામ આજે કરો, તો કાલ પણ સારી જ જશે હોં ?

...... ૧૫. મનની તંદુરસ્તી

માધવપુર નામે એક ગામ. તેમાં એક સજ્જન રહે. તેમનું નામ પ્રીતમલાલ. તેમની ઉંમર લગભગ સાઠ વર્ષ . એકવાર તેઓ માંદગીમાં પટકાયા; ઘણા જ ઘરગથ્થુ ઉપચાર કર્યા છતાં પણ તેમની તબિયત વળે નહીં, તાવ અને, બેચેની રહે, ભૂખ - તરસ પણ લાગે નહીં વળી ઘણી જ નબળાઈ પણ આવી ગઈ હતી. તેઓએ દાકતરસાહેબને બોલાવ્યા. દાકતર સાહેબે પ્રીતમકાકાને તપાસ્યા. તેમની સાથે તેમનો કમ્પાઉન્ડર પણ આવ્યો હતો. દાકતરસાહેબે કહયું કે તેઓ કમ્પાઉન્ડરની સાથે દવા મોકલી આપશે. ત્યાંથી દાકતરસાહેબ અને કમ્પાઉન્ડર તેજ ફળિયામાં બીજા એક મોટી ઉંમરના રેવાકાકાની તબિયત તપાસવા ગયા. રેવાકાકા તો લગભગ પંચોત્તર વર્ષની વયે પાકતાં પાનની જેમ જીવનની છેલ્લી પળો ગણી રહ્યા હતા. તેમને પણ દાકતરસાહેબે તપાસીને કહ્યું, "જુઓ, મારો કમ્પાઉન્ડર તમને જે દવા આપી જશે, તે દવા તમે તરત જ લઇ લેશો."

દાકતરસાહેબ અને કમ્પાઉન્ડર દવાખાને ગયા. તેઓ આયુર્વેદિક દવાના દાકતર હતા તેથી આયુર્વેદિક દવા આપતા હતા. તેમણે જઈને તરતજ જડીબુટ્ટીઓ પીસવા માંડી . તેમણે કમ્પાઉન્ડરને પ્રીતમકાકા અને રેવાકાકા બન્નેને શું કહેવું, તે પણ સમજાવ્યું. કમ્પાઉન્ડર પહેલાં રેવાકાકાને ઘેર ગયો અને જણાવ્યું કે દાકતરસાહેબે કહાં છે , કે બિમારીનું કારણ સાવ સામાન્ય છે. ચિંતાનો પ્રશ્ન નથી, આ દવા લેવાથી ત્રણ દિવસમાં જ ફેર પડી જશે અને તમે દોડવા માંડશો. રેવાકાકાએ તો દવા લેવાની શરૂઆત કરી દીધી.

ત્યાર પછી કમ્પાઉન્ડર પ્રીતમકાકાને ઘેર ગયા અને જણાવ્યું કે દાકતરસાહેબે કહયું છે કે, "થોડું સંભાળવાનું છે; બાકી આ દવા નિયમિત લેવાની છે. છતાં ત્રણ દિવસમાં તબિયત વધારે કથળે તો દવા બદલવી પડશે. "

આ પ્રમાણે કમ્પાઉન્ડર તેનું કામ પતાવી નીકળી ગયો. તેમણે દાકતરસાહેબને કહો કે બન્નેને જે પ્રમાણે કહેવાનું હતું, તેમ કહી દીધું છે અને દવા પણ આપી દીધી છે.ત્રણ દિવસ પછી દાકતરસાહેબ બન્ને દરદીઓને તપાસવા ગયા. તેઓ પહેલાં પ્રીતમકાકાને તપાસવા ગયો , પરંતુ તેઓ તો પ્રીતમકાકાની તબિયત જોતાં જ અચંબો પામી ગયા . પ્રીતમકાકા બિચારા પલંગમાં લગભગ જાણે મરણ પથારીએ પડયા ન હોય તેવી તેમની હાલત હતી.દાકતરસાહેબ, તેમને જોઈને બોલ્યાં, "પ્રીતમકાકા તમારી આવી કથળેલી તબિયત કેમ થઈ ગઈ ? શું દવા બરાબર નથી લીધી કે? "

પ્રીતમકાકા, "તમારા કમ્પાઉન્ડરે પણ કહ્યું હતું કે, "આરામ જ કરજો, ચિંતાનું કારણ છે, જે આ દવાની અસર નહીં થાય, તો દવા બદલવી પડશે." દાકતરસાહેબ મનમાં સમસમી ગયા કે જરૂર કમ્પાઉન્ડરે એકનું બીજાને કહી દીધું લાગે છે.
તેમણે ફરીથી તેમની નાડી તપાસી કહ્યું, "જુઓ, હવે હું તમારી નાડી પારખી ગયો છું. જે દવા આપું છું તેનાથી તમને તાત્કાલીક રાહત થઈ જશે, અને ત્રણ કલાકમાં જ તમે હરતા ફરતા થઈ જશો." - પ્રીતમભાઈને દવા આપી તેઓ કમ્પાઉન્ડરને ત્યાં બેસાડીને આવ્યા. વળી તેને કહો કે "ત્રણ કલાક પછી તેમની ખબર મને આપજે."

-

ત્યાંથી તેઓ રેવાકાકાને ત્યાં ગયા, તો જ મરવાની પથારીએ હતા, તે આંટો મારવા ગયા હતા.

તેમના ઘેરથી જાણ્યું, કે તે રેવાકાકા અચાનક એટલા બધા તંદુરસ્ત થઈ ગયા છે, કે તબિયતમાં સુધારો થવાથી દૂર આંટો મારવા ગયા છે. થોડીવાર થઈ કમ્પાઉન્ડર રેવાકાકાને ઘેર આવ્યો અને દાકતર સાહેબને વધામણી આપી કે, "પ્રીતમકાકા પણ હરતા ફરતા થઈ ગયા છે."

બીજે દિવસે, દાકતરસાહેબ પ્રીતમકાકાને મળવા ગયા અને તેમના કમ્પાઉન્ડરથી જ ભૂલ થઈ તે આખી વાત કહી સમજાવી. આમ તેમને સમજાવ્યું કે દાકતર તો દવા આપે છે; પરંતુ, વ્યકિત પહેલાં પોતાના મનથી સાજા અને માંદો પડે છે. તેથી ગમે તેટલી માંદગીમાં પણ મન પ્રફૂલ્લિત રાખવાથી જીવનમાં ગમે તેવી ગંભીર માંદગીને સામે આપણાથી ટક્કર ઝીલી શકાય છે. તેમણે સલાહ આપી કે આપણું મનોબળ કઠણ અને પ્રસન્ન ચિત્ત રાખવું. મનથી તો કદી માંદા ન પડવું, તન ભલે માંદુ પડે. મનની તંદુરસ્તી હશે તો તને પણ ત્વરિત રોગમુકત થઈ જશે.

બાળદોસ્તો, આપણે તનથી ભલેને માંદા પડીએ, પરંતુ મનથી કદીયે માંદા ન પડવું હોં ને ?

૧૬.નિખાલસતાનો મધુર ગુણ

ચંદનપુર નામે એક ગામ. તેમાં શ્રીપાલચન્દ્ર નામે એક રાજા રાજ કરે. વળી આ રાજાને તેમના એક વેપારી મિત્ર સમરસિંહ સાથે જૂની મિત્રતા. તેઓ જ્યારે રાજ દરબારમાં આવે ત્યારે તેમની આગતા સ્વાગતા કરતા અને સારૂં માનપાન તેને દેતા હતા.

શ્રીપાલચંદ્ર રાજા ઘણીવાર ગરીબો તેમજ જરૂરતમંદ લોકોને દાન પણ આપતા. તે સમયે તેમના આ મિત્ર સમરસિંહ પણ તેમની સાથે રહેતા હતા. બન્ને પરમ મિત્રો હતા અને સત્યવાદી, તેથી રાજા તેમના હાથે પણ ઘણીવાર આ દાન અપાવતા હતા. બન્નેના વિચારો એક બીજા સમજી જતા અને બન્નેના વિચારોમાં ખાસ્સી એકરૂપતા હતી. વધુમાં બન્ને તેમના સાચા ખોટા વિચારોની પરખ પણ કરી શકતા હતા, અને સત્યને વળગી રહી નિખાલસતાથી કોયડાનો

ઉકેલ કાઢવાનું પણ પસંદ કરતા હતા.

આમ થોડો સમય ચાલ્યું હશે ત્યાં તો એક વખત સમરસિંહને વિચાર આવ્યો, કે આ રાજા અને રાજ્ય પાસે આટલું બધું સોનું, ઝવેરાત અને ધન છે કે જો તેમાંથી પોતાને જો કંઈક ભાગ મળે તો તેની પણ કેટલીય પેઢીઓ તરી જાય. આ વિચાર તેના મનમાં ઘણા જ સમયથી ચાલી રહ્યો હતો.

બીજી બાજુ રાજાના મહેલમાં, થોડા દિવસો બાદ ચરી થઈ અને થોડું સોનું અને ઝવેરાત પણ ચોરાઇ ગયાં. પહેલી જ વાર આવું બન્યું. તેથી, રાજાને પણ ચિંતા થઇ; પરંતુ નવાઈ એ લાગી કે આટલું બધું ધનનું દાન આપ્યા પછી પણ ચોરી કરવાનું માનસ, વૃત્તિ કે વિચાર કયાંથી આવ્યો અને કોને આવ્યો હશે? તે તેના મનમાં ઘોળાવા લાગ્યું. વળી અચાનક જે સોનું, દ્રવ્ય, ધનનો અણધાર્યો, બિનજરૂરી વ્યય પણ થવા લાગ્યો. આમ તેમના શાસનમાં કદી આવું અગાઉ બન્યું ન હતું. તેથી તે ઊંડા વિચારમાં ડૂબી જતા હતા.
છેવટે, તે જ્યારે સમરસિંહની હાજરીમાં, જ્યારે ગરીબોને દાન આપતા, ત્યારે રાજાના હ્રદયમાં ભાર જણાતો અને વિપરીત વિચારો પણ આવતા હતા. તેથી તેને થયું, કે નક્કી આ વિચારો સમરસિંહના મગજમાં ઊભરતા હોવા જોઈએ.તેને વારંવાર આમ લાગવાથી ખાત્રી થઈ ગઈ. એકવાર બન્ને રાજમહેલમાં ફરતા હતા, ત્યારે સમયસૂચકતા વાપરી, રાજાએ સીધે સીધું સમરસિંહને પૂછી જ લીધું,
સમરસિંહ, શું તમારા વિચારો, મારા આ સોના, ઝવેરાત અને દ્રવ્ય દાન કરવા બાબતે થોડા જુદા પડે છે, કે શું ? તમને મારા આ સોના, ઝવેરાત અને દ્રવ્યમાંથી કોઈ ભાગની આશા રહે છે ખરી? ખબર નહીં પણ મને એવું જ લાગ્યા કરે છે?" આ સાંભળતા જ સમરસિંહ તો સાવ આભા જ બની ગયા. તેમને લાગ્યું કે, ખરેખર, રાજા તેમના વિચારો પારખી ગયા લાગે છે.જો કે બન્ને એટલા જ નિખાલસ મિત્રો હતા. તેથી ક્ષણિક વિચાર કરી, સમરસિંહે પણ ખેલદિલી પૂર્વક રાજાને ઉત્તર આપ્યો.
હા, તમારી વાત સાવ સત્ય છે. મને ખબર નહીં કેમ, પણ થોડા સમયથી ખોટા વિચારો, મારા મનમાં પ્રવેશી ગયા હોય તેમ લાગે છે. તેથી મને તમે જ્યારે દાન આપો છો, ત્યારે તેમાંથી થોડા ભાગની ઈચ્છા થાય છે, કે જો મને આમાંથી કંઇ મળે તો મારી પણ કંઈક પેઢીઓ તરી જાય અને તેમને કોઈ મહેનત જ ન કરવી પડે."
રાજા,"પરંતુ તમે મને બે ધડક, ખેલદિલીપૂર્વક ચોખવટ કરી કહ્યું હોત તો આ વિચારો લોકો સુધી આગળ ન જતાં, રાજ્યની સંપત્તિમાંથી ચોરી અને બિનજરૂરી વ્યય પણ અટકી જાત. અરે ! ભલા મિત્ર, બોલો મારૂં બધું તમારું છે. બસ, આ કોઠારોની ચાવી તમને જ સોપું છું . જે જોઈએ, તે લઈ લ્યો."
સમરસિંહે પસ્તાવાની લાગણી સાથે રાજાને જણાવ્યું, "મારી જ ભૂલ થઈ છે. મને માફ કરજો. મારા મનમાં આવા બદવિચારોનો જન્મ થવો જ જોઈતો ન હતો. મારા બાળકોને, તેમની મહેનત અને ભાગ્યનું જ મળવું જોઈએ તે મને સમજાય છે."
' આમ બોલતાં હસતાં હસતાં, બન્ને એકબીજાને સાચી મિત્રતાના ભાવથી ભેટી પડયા અને ફરી જીવનભર સારા મિત્રો બની રહા.
બાળકો, છે ને સત્ય અને નિખાલસતાથી, જીવનમાં ખરાબ વિચારોને દૂર રાખી મિત્રતા પણ જાળવી શકાય છે. કેવો મધુર છે નિખાલસતાનો આ ગુણ !

---

૧૭. ભાવનાની ભેટ

,
શ્રેયાંક અને પ્રિયાંક નામે બન્ને ભાઇઓ હતા. તેમને સાંચી નામની બહેન. ત્રણે ભાઈ બહેનોમાં, શ્રેયાંક અને સાંચીને ઘણું જ બનતું. જ્યારે પ્રિયાંક જરા સ્વાર્થી સ્વભાવનો ખરો. વળી તે ભાઈ ભાંડુઓમાં, કંઈ પણ વહેંચવા આપવાના મતનો ન હતો. જે મળે તે કોઇને પણ આપ્યા વગર પોતે જ ખાઈ, પી જવું એવો તેનો સ્વભાવ હતો.

દિવસે દિવસે ભાઈ- બહેનો આગળ અભ્યાસ કરતાં થયાં. જોતજોતામાં ત્રણે ભાઈ- બહેનો અભ્યાસ પૂર્ણ કરવાની અણી પર હતા. તે દરમ્યાન પ્રિયાંકને એક સારી નોકરી મળી ગઈ. ધીમે ધીમે તેની પ્રગતિ થતી ગઈ અને નસીબ જોગે તેને સારો હોદ્દો પણ મળી ગયો અને સારો પગાર પણ મળતો થયો.

જ્યારે શ્રેયાંકના નસીબ બે ડગલાં પાછળ હતાં. જો કે તે તનતોડ મહેનત કરતો હતો.અહીં સાંચીને, માતા-પિતાની વધતી જતી ઉમરને કારણે, મધ્યમવર્ગના ઘરના એક કુટુંબમાં તેણીને ઊતાવળમાં પરણાવી દીધી. શરૂઆતમાં, સાંચીનો સંસાર ઠીક ચાલતો હતો.

પરંતુ, થોડા સમય પછી સાંચીને તેના સાસરામાં ઘણો જ વિકટ સમય આવ્યો, અને પૈસે ટકે ઘણી જ ખેંચ પડતી હતી. સાંચીએ પણ નાની નોકરી કરી. કુટુંબને મદદની પહેલ કરી. પરંતુ, જૂનું દેવું હદ વટાવી ગયું હતું. લાખ કોશિષ બાદ પણ આવક અને જાવકના બે છેડાઓ વધુ ને વધુ દૂર થઈ રહ્યા હતા.

છેવટે સાંચીને તેના ભાઈઓ યાદ આવ્યા. રક્ષાબંધન પણ નજીક હતી. તેણીએ બે સરસ રાખડીઓ લીધી. પહેલાં સાંચી પ્રિયાંકને રાખડી બાંધવા દોડી ગઈ. પરંતુ, પ્રિયાંક નોકરીના કામમાં ઘણો જ વ્યસ્ત હતો. છતાં સાંચીએ તેને રાખડી ઊતાવળે બાંધી દીધી આશીર્વાદ આપ્યા.

તેણીને આશા હતી કે પ્રિયાંકને વાત કરીશ, તો જરૂર કંઈ મદદ મળશે. સાંચીએ પ્રિયાંકને, તેણીની પરિસ્થિતિની વાત કરી. પરંતુ પ્રિયાંકે ચોખ્ખા શબ્દોમાં તેણીને કોઈ પણ મદદની ના પાડી, કારણ, તેણે કહ્યું કે તેને પણ હાલમાં અમુક વ્યવસાય માટે પૈસા રોકવાની જરૂર હતી.

દુઃખી સાંચી પછી શ્રેયાંક પાસે ગઈ. તેણીએ તો આંખમાં વહેતાં આંસુઓ છુપાવી, શ્રેયાંકને હસતા ચહેરે રાખડી બાંધી. પરંતુ શ્રેયાંક સમજી ગયો કે નક્કી સાંચીને કોઈ તકલીફ છે.

શ્રેયાંકે સાંચીને પુછયું, “સાંચી, કહે જો, તારો ચહેરો ઊતરી ગયો છે, જરૂર તું કંઈ મારાથી છૂપાવે છે . પહેલાં તો તું મને રાખડી બાંધ.”

સાંચીએ હસતાં હસતાં શ્રેયાંકને પ્રેમથી રાખડી બાંધી. શ્રેયાંકે તેને બાજુની મીઠાઈની દુકાનમાંથી, મીઠાઈ લઈ તેણીને ખવરાવી.

પછી હળવેથી સાંચીને પુછયું, “બોલ સાંચી તને શું તકલીફ છે? તારા ચહેરા ઉપર હું ઊંડી વેદના જોઈ શકું છું.” સાંચીએ તમામ પરિસ્થિતિ શ્રેયાંકને કહી સંભળાવી. વળી પ્રિયાંકે પણ મદદની ના પાડી દીધી છે, તેમ કહ્યું. આ જાણી શ્રેયાંકને પણ ઘણું દુઃખ થયું.

બન્ને ભાઈ બહેન જાણતાં હતાં, કે શ્રેયાંક પાસે કંઈ જ આપવા જેવું ન હતું, સિવાય કે તેની સાચા હૃદયની ભાવના અને પ્રેમ. શ્રેયાંકે ઈશ્વરને મનોમન યાદ કરી, પ્રાર્થના કરી કે મારી બહેનીનું દુઃખ દૂર કરી, તેને કયાંયથી પણ જોઈતી નાણાંની રકમ મળી જાય . પછી ભલે ઊધાર તો ઊધાર મળે પણ તેનું વ્યાજ તે પોતે જ ચૂકવશે, તેવી ઇશ્વરને પ્રાર્થના કરી.

અચાનક ખિસ્સામાં હાથ નાંખતાં જ, એક કૂપન નીકળ્યું, જેમાં કરોડ રૂપિયાની ઇનામી યોજના હતી. શ્રેયાંકે તે કૂપન સાંચીને આપ્યું.

બિચારી સાંચીએ પણ પ્રેમથી સ્વીકારી તેને સાચવી લીધું. થોડા દિવસ બાદ છાપામાં, આ કુપનના નંબરો છપાયા, ત્યારે સાંચીએ તેનું પરિણામ જોતાં જ તેણી આનંદથી ઊછળી કારણ કે તેમાં પહેલો એક લાખ રૂપિયાનો નંબર તેણીનો જ હતો . તેણી તરત જ શ્રેયાંકને મળવા દોડી ગઈ. શ્રેયાંકે ઈશ્વરનો મનોમન પાડ માન્યો. બન્નેની આંખમાંથી આંસુઓ છલકાયાં.
અચાનક આ બધી ઘટના વિશે સાંભળી, પ્રિયાંક પણ તેમને મળવા દોડી આવ્યો. તેણે પોતાની સ્વાર્થવૃત્તિ ઊપર દિલગીરી વ્યકત કરી, અને હવે કદી સ્વાર્થવૃત્તિ નહીં રાખે, તેવું વચન બન્નેને આપ્યું. વળી તેણે પોતાના ભાઈ શ્રેયાંકને નોકરી પણ અપાવી.
બન્ને ભાઈઓએ નક્કી કર્યું , કે આ ઇનામ બીજા કોઈ જરૂરતમંદને મદદ માટે આપીશું અને બહેનનું કરજ બન્ને સાથે મળી થોડા વર્ષોમાં ઉતારી દઇશું.
બાળદોસ્તો, સાચા હૃદયથી આપેલી કોઈપણ વસ્તુ, તે સમયે મામૂલી લાગે પણ ભાવનાની ભેટ હોય તો ઈશ્વર તેનું અમૂલ્ય ફળ આપે જ છે. કેવી છે ભાવનાની ભેટ !

---

૧૮. સાચો પ્રેમ



શશાંક નામે એક કિશોર. તે મધ્યમ વર્ગના કુટુંબમાં ઉછરતો હતો. તેને ડુંગર, નદી, પંખી વિગેરે બહુ જ ગમતા હતા. આમ, તે પ્રકૃતિનો પ્રેમી હતો. તેથી જ તે સુંદરતાને પૂજતો હતો.

શશાંકની માતા તેના નાના ભાઇ દિપને જન્મ આપતાં જ ઈશ્વરને વહાલી થઈ ગઈ હતી. શશાંક તેના નાના ભાઈ દિપને ઘણો જ પ્રેમ કરતો હતો. તેના પિતા સામાન્ય કારકુનની નોકરી કરતા હતા. શશાંક દિપની ખૂબ કાળજી લેતો હતો . તેને માતા વગર જરા પણ સૂનું ન લાગે, તેવી રીતે તેને રમાડતો, ખવડાવતો હતો.

એક વખત દિપની તબિયત અચાનક બગડી. કેટલાય દાકતરોને બતાવ્યું; પરંતુ, તે સાજો જ ન થાય. તેની તબિયત સાવ કથળી ગઈ હતી. છેવટે એક સમયે, દાકતરો પણ દિપને બચાવી ન શકયા. તેથી શંશાક ઘેરા શોકમાં ડૂબી ગયો. તે મંદિરમાં જઈ ઈશ્વર પાસે રોજ કલ્પાંત કરવા લાગ્યો, કે તેના ભાઈ દિપુને ઈશ્વર પાછો મેળવી આપે.

ત્યાં અચાનક મંદિરમાંથી પણ એક ગેબી અવાજ સંભળાયો. “બેટા, શશાંક, તું રડ નહીં. તું તારા ભાઇ, દિપુને બહુ જ પ્રેમ કરે છે. તે સાચું, પરંતુ જીવન અને મૃત્યુની દોર વિધાતાના હાથમાં છે. તું ખરેખર સાચા પ્રેમને ઝંખે છે, જે તને મળશે ખરો , પરંતુ, બીજા પાત્ર અને સ્વરૂપમાં, તેથી તું નિરાશ થઇશ નહીં. હું તારી સાથે જ છું. જા ઘેર જા.”

શશાંકને થયું, ઈશ્વરે ભલે મને દર્શન ન દીધાં; પરંતુ આ ગેબી અવાજ દ્વારા આશ્વાસન તો જરૂર આપ્યું, મને સાંભળ્યો તો ખરો. કુદરતી રીતે, સમય જતાં તેના હૃદયનો શોક ધીમે ધીમે ઓછો થતો ગયો. તેણે અભ્યાસમાં ફરી મન પરોવ્યું અને વિધાભ્યાસમાં સારા ગુણ પ્રાપ્ત કરતો રહ્યો.

થોડો સમય થયો, ત્યાં અચાનક હૃદયરોગ થકી તેના પિતાનું અવસાન થયું. બિચારો શશાંક હવે સાવ એકલો થઈ ગયો. તે ઘણો જ ગમગીન બની ગયો. તેનું રૂદન બંધ જ થતું ન હતું. આડોશ

પાડોશ અને સગાંવહાલાંઓએ તેને સમજાવ્યો અને એવું નક્કી કર્યું કે તેને બીજા શહેર લઈ જઈ, ભણાવવો જોઈએ, જેથી સ્થળ પરિવર્તનને કારણે, તેના તન અને મન ઉપરથી આ શોક દૂર થઈ જાય. તેથી શશાંકના કાકા મદનભાઈ તેને બીજા શહેરમાં લઈ ગયા અહીં ફરી તેણે અભ્યાસ શરૂ કર્યો. મદનકાકાને પણ બે દીકરા હતાં; પંકજ અને સ્નેહલ, તેઓ શશાંકથી થોડા મોટા હતા. અહીં મદનભાઈને ઘેર આમ તો સારું હતું, પરંતુ, તેનાં રમીલાબહેન, પંકજ અને સ્નેહલ તેને વારંવાર અપમાનિત કરતા હતા. શશાંકનું હૃદય તો અત્યંત લાગણીશીલ હતું, તેથી તે રોજ રાત્રે આંસુ સારી લેતો અને તેના હૃદયની લાગણી કોઈ સમજે અને તેના તરફથી તેને હૂંફ, સ્નેહ મળે તેવી ઈશ્વરને પ્રાર્થના કરતો રહેતો હતો.

એક દિવસ જ્યારે મદનકાકા, બહારગામ ગયા હતા, ત્યારે રમીલાકાકીએ તેને વગર વાંકે બહુ જ દબડાવ્યો અને બે દિવસ જમવાનું ન આપ્યું. તેથી શશાંક રિસાઈ ગયો અને તે મદનકાકાને ઘેરથી નીકળી, શહેરથી બહુ જ દૂર એકાંત જગ્યાએ રખડતાં પહોંચી ગયો. અહીં તો ઘનઘોર જંગલ જેવું વાતાવરણ હતું. રાત્રે ભયાનક કીટકો, તમરાંઓના અવાજ આવતા હતા. તે પૂનમની રાત હતી, તેથી શશાંકને ખાસ બીક લાગતી ન હતી.
એક વડના ઝાડ નીચે બેસીને, તે ધ્રૂસકે ધ્રુસકે રડવા લાગ્યો. રડતાં રડતાં તે તેની માતા, ભાઈ અને પિતાને યાદ કરતો હતો.
ત્યાં એની નજર ધ્રુવના તારા ઉપર પડી. તે ભણતો, ત્યારે તેના પિતા ઘણીવાર તેને ધૃવનો તારો બતાવી કહેતા કે, જો શશાંક, તારી માતા અને ભાઈ દિપ અહીં ધ્રુવ તારા ઉપર ગયા છે. તેથી તે યાદ કરીને રડવા લાગ્યો.
થોડીવાર પછી એક પરી ધ્રૂવતારા ઉપરથી ઝાંઝરની રમઝટ સાથે ઝ. ..... ન.. ન.... ન કરતીને આકાશમાંથી વીજળી વેગે નીચે ઉતરી, શશાંકની પાસે આવી ગઈ.
શશાંક તો તે પરીને જોતો જ રહ્યો. અતિ રૂપવાન અને તે પાંખોવાળી શણગારેલી તે સુંદરપરીએ શશાંકના માથા ઉપર હાથ ફેરવ્યો અને તેને ખોળામાં બેસાડીને હેતથી રમાડ્યો.
શશાંકે પરીને પૂછયું, “તમે કોણ છો ? તમે શું આ ધ્રુવતારા ઉપરથી આવ્યાં છો ? તો મારી માતા, ભાઈ અને પિતાને ઓળખો છો ?”
પરીએ કહ્યું, “હા, શશાંક તેમણે જ મને તારી પાસે મોકલી છે. મારું નામ ધ્રુવપરી છે. પહેલાં તો તું બે દિવસથી ભૂખ્યો છે, તેથી હું તને જમાડી લઊં; અને પછી આપણે નિરાંતે વાતો કરીએ.”
ત્યારબાદ ધ્રુવપરીએ શશાંકને મધુર અને મનગમતી ભાવતી બધી વાનગીઓ પેટ ભરીને ખવરાવી અને ઘણીજ વાતો કરી.
ધ્રુવપરીએ શશાંકને સમજાવ્યો અને તેના કાકાને ઘેર પાછા જવાનું કહ્યું, પરંતુ શશાંક તો માનતો જ ન હતો. પછી ધ્રુવપરીએ તેને આશ્વાસન આપ્યું કે તેણી તેને ત્યાં પણ કોઈકવાર મળવા આવતી રહેશે, ત્યારે માંડ માંડ શશાંક સમજ્યો. શશાંક બીજી સવારે ઘેર આવતાં જ કાકાએ તો ઈશ્વરનો ખૂબ આભાર માન્યો અને રમીલાકાકીને વાર્યા પણ ખરા. શશાંક તો હવે રોજ ધ્રુવપરીની રાહ જોતો હતો. તેને યાદ કરીને રડયા કરતો હતો. છેવટે ફરી ધ્રુવપરી આવી. આમ થોડા દિવસોને અંતરે તે શશાંકને મળતી રહેતી હતી.
એક વખત આ ધ્રુવપરી ખાસ્સા લાંબા સમય સુધી શશાંકને મળવા જ ન આવી. શશાંક રડયા જ કરતો હતો. તેની વાટ જોયા કરતો હતો. ફરીથી તે એક મંદિરમાં જઈ, ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યો. આ વખતે તો તે માથું પછાડીને રોતો હતો કે ઈશ્વર તમે તમારું વચન કેમ નથી પાળતા. તેને મનમાં થતું “શું હું તમારો અણમાનીતો બાળક છું કે મારી સાથે જ આવું બને છે? હું જેને

પ્રેમ કરું છું, તેને તું મારાથી છીનવી કેમ લે છે? આ દુનિયામાં મારું કોણ છે ?"

લગભગ ઘણા કલાકો તે મંદિરમાં જ ઈશ્વરની મૂર્તિ પાસે બેસી રહી કલ્પાંત કરતો રહયો. ત્યારે આ સમયે, ઈશ્વરે તેને દર્શન દીધાં અને કહ્યું, "જે શશાંક, તું જે પ્રેમ બીજા પાસે ઝંખે છે ને, તેની હું તને ભેટ આપું છું. તારો પ્રેમ સાચો છે. તારો પ્રેમ સામી વ્યકિતની ધૃણાને પણ પ્રેમમાં બદલી નાંખશે, તેવા હું તને આશીર્વાદ આપું છું. તારા હૃદયમાં હવે સાચા પ્રેમનો સાગર છલકાય છે. હવે તું પ્રેમ માગીશ નહીં, પરંતુ, લોકોને આપજે અને વહેચતો જજે. હા, પરંતુ આ ભેટ જરા મહામૂલી છે. તારું કામ માત્ર પ્રેમ આપવાનું જ છે. સાચો, નિર્મળ અને નિઃસ્વાર્થ પ્રેમ તું જગતના તમામ જીવોને આપજે. તારી કસોટી એટલી જ હશે કે સામી વ્યકિતની ધૃણા તારે સહન કરવી પડશે. સામી વ્યકિતનું અભિમાન, ગુસ્સો, આ બધું તારે ચૂપ મોંઢે સહન કરવું પડશે. વળી તારે જગતની બધી ગમતી વસ્તુઓનો પણ ત્યાગ કરતાં શીખવું પડશે. મને ખબર છે, હવે તું આ સહન કરવા પૂરતો સક્ષમ થઈ ગયો છે. તેથી સાચો પ્રેમ તું લોકોને વહેંચતો જાય, તેવું હું તને વરદાન આપું છું."

બાળદોસ્તો, જોયું ને સાચો પ્રેમ માગવો સહેલો છે, પરંતુ, ત્યાગની ભાવના સાથે સાચો પ્રેમ આપવો કેટલો અઘરો છે? કારણ, નિઃસ્વાર્થ ભાવે કંઈપણ ન માગતા માત્ર આપવું, આપવું અને આપવું એટલે જ સાચો પ્રેમ .

---

૧૯. ચશની ગાથા



એક મોટું સરોવર હતું. આ સરોવરમાં ઘણી બધી માછલીઓ, દેડકાં, મગર, કાચબા જેવાં જળચર જીવો રહેતા હતા. તેમાં એક હંસ પણ રહેતો હતો. તેનું નામ રાજહંસ હતું. .

આમ તો સરોવરમાં બીજા ઘણાં હંસો અને હંસલીઓ રહેતા હતા પણ તેઓ પોતાનો ખોરાક શોધવામાં જ હંમેશા કાર્યરત રહેતા હતા. જ્યારે આ રાજહંસ તો બહુ જ દયાળુ હતો. તે પોતાના ખોરાક ઉપરાંત, બીજા હંસો અને હંસલીઓ માટે ખોરાકની નવી જગ્યા શોધી આપતો હતો. તેમજ તેમના બચ્ચાંઓને જંગલી પ્રાણીઓ અને બગલા જેવા પક્ષીઓ ભરખી ન જાય, તેનું ખાસ ધ્યાન રાખતો હતો. આ બધા જ જળચર જીવો, તેના આ કાર્ય માટે હંમેશા તેને યશ આપતા હતા. પરંતુ, આ રાજહંસ બધા સાથીઓમાં જ યશ વહેંચતો, અને સાથીઓને કહેતો કે, “હું તો નિમિત્ત જ છું મહેનત તો તમારાં બધાંની જ છે. યશ તમને બધાંને છે.”

પરંતુ એક વાર દુકાળ પડ્યો અને આ સરોવરનું પાણી સુકાવા અને ઓસરવા લાગ્યું જળચર જીવોનો ખોરાક પણ ઓછો થવા લાગ્યો. આ સમયે, આ રાજહંસ બહુ જ દુઃખી થઈ ગયો; કારણ, તેણે પોતાનું જીવન સરોવરના અન્ય જળચર મિત્રોની સેવા અને મદદ માટે વ્યતીત કર્યું હતું. આમને આમ, દુકાળમાં પરિસ્થિતિ વધુ વણસતી ગઈ.તેથી બહુ જ વિચારીને,આ રાજહંસે સાથીઓની સભા ભરી અને આનો ઉપાય શોધવા વિચારવાનું કહ્યું. છેવટે સહુએ નક્કી કર્યું, કે આપણે આ સરોવર છોડી નવા સરોવરની શોધમાં નીકળવું. તેથી, રાજહંસની આગેવાની હેઠળ બધાજ હંસલા અને હંસલીઓ ઊંચે ગગનમાં ઊડયા, ઘણો જ પંથ કાપ્યો, પરંતુ, કોઈ જ સરોવર ન દેખાયું. દરમ્યાન, એક ખુલ્લી જગ્યા જોઈ, સૂકા ઝાડવામાં તેમણે આશરો લીધો. પરંતુ ત્યાં પણ કોઈ જ ખોરાકની આશા ન જણાઈ. ખરાબ સમય આવ્યો, એટલે બધાં હંસલા હંસલીઓ આ રાજહંસને વખોડવા લાગ્યા.

રાજહંસે દુઃખી થઈને કહ્યું, “મેં સારા સમયમાં યશ લેવા કરતાં, તમારા બધામાં જ યશ વહેંચ્યો છે; અને તમને તેના ભાગીદાર ગણ્યા છે, કારણ, તેથી આપણું સંઘબળ પણ વધતું રહે.” આમ રાજહંસ ઘણો જ દુઃખી થઈ જતાં કોઈને કહ્યા વગર જ ત્યાંથી એકલો ઊડી ગયો.

ઊડતાં ઊડતાં તેની આંખોમાંથી, અશ્રુઓની ધારા વહેતી હતી. તેને થયું કે મારો આશય તો મારા સાથીઓની મદદ કરવાનો જ હતો. પરંતુ, સાથીઓએ તેને સમજવામાં ભૂલ કરી.

બીજી બાજુ પેલા હંસલા હંસલીઓનું ટોળું પણ ત્યાંથી આભમાં ઊડી ગયું. તે ટોળું ઘણું જ ભટકયું અને રાજહંસને પણ ભૂલી ગયું. ત્યારે રાજહંસને ઊડતાં ઊડતાં, એક સુંદર સરોવર નજરે ચડયું. તેમાં જઈને તેણે જોયું તો તેમાં પુષ્કળ ખોરાક અને સાવ ઓછી જળચર વસ્તી હતી. તે ખુશ થઈ ગયો અને જે દિશામાંથી આવ્યો હતો, તે જ દિશામાં પાછો નીકળી ગયો; કારણ, તેને તેના સાથીઓને પોતાની પાસે લઈ આવવાનો વિચાર આવ્યો.તે દરમ્યાન, તે જ્યારે સહેજ નીચે થઈ ઊડી રહ્યો હતો, ત્યારે એક શિકારીએ તેને તીર માર્યું . તેણે તીર જોતાં જ બચવાની કોશિશ કરી; પરંતુ, તેનો એક પગ ઘણો ઘવાયો. તેને લોહી નીકળવા લાગ્યું, છતાં એ આંસુઓ સારોં ઊડત જ રહો.
ત્યાં તો જાણે ભગવાને તેની પ્રાર્થના સાંભળી હોય તેમ સામેથી જ તેના સાથીઓ આવી રહ્યા દેખાયા. તેઓએ તેને ઘાયલ હાલતમાં જોતાં તેની સેવા ન કરવી પડે એટલે જોયા વગર જ આગળ ઉડવા લાગ્યા. ત્યારે રાજહંસે તેઓની પાછળ ઊડતાં તેમને કહ્યું , “મેં આપણા બધા માટે એક સુંદર સરોવર શોધી રાખ્યું છે, તેથી તમને લાવવા જ હું સામે ઊડી આવી રહ્યો હતો.”
આ સાંભળી બધા સાથી તેની પાછળ ગયા અને સરોવરમાં ઊતરી, ઘણો જ ખોરાક મેળવી આનંદિત થયા. અને તેનો યશ પણ ગાવા લાગ્યા. ત્યારે રાજહંસે કહ્યું,

“આ યશ તમારા બધાંને જ ફાળે જાય છે, તમોએ આમ ન કર્યું હોત, તો હું તેં ઊડીને આટલે ન આવ્યો હોત; અને આ જગ્યા આપણને કેવી રીતે મળત?”

બાળદોસ્તો, સાચો આનંદ યશ મેળવવામાં નહીં, પરંતુ વહેંચવામાં જ રહેલો છે. જેથી સંઘબળ પણ વધે છે. શું તમે પણ યશ વહેંચશો કે નહીં ?
હ

---

૨૦. સોબતની અસર

એક ઘનઘોર જંગલ હતું. તેમાં ઘણાં પશુઓ અને પંખીઓ રહેતા હતા. દૂર એક નદી કિનારે ઘણાં વૃક્ષો હતા. તેમાં એક મોટું ઝાડ પણ હતું.તે ઝાડ ઉપર એક સફેદ કબૂતર રહે. તેને પોતાની સુંદરતા ઉપર ઘણું જ અભિમાન હતું. કોઈ તેને બોલાવે તો પણ તે તરત જ બોલે નહીં, બીજાં પંખીઓ ઘણાંજ મનામણાં કરે ત્યારે જ તેમની સાથે તે બોલે, રમે અને ઊડે. તે તો અમુક સફેદ કબૂતરો સાથેની મૈત્રી જ પસંદ કરતું હતું. તે સિવાય બીજા બધાં પંખીઓને આ સફેદ કબૂતરના વર્તનનું ઘણું જ દુઃખ રહેતું હતું, કારણ, તેઓ બધા તો માત્ર મિત્રતાને જ ઝંખતા હતા.

તે દરમ્યાન, એક ભૂરું કબૂતર, આ સફેદ કબૂતરને ઘણીવાર બોલાવતું હતું. પરંતુ, સફેદ કબૂતર તેની સાથે જરૂર સિવાય વાત કરતું ન હતું. બિચારા ! ભૂરાં કબૂતરને આ બાબતથી વારંવાર દુ:ખ થતું હતું.આ ભૂરા કબૂતરને એકવાર ખબર પડી કે આ સફેદ કબૂતર અમુક સફેદ કબૂતરોની ખોટી સોબતમાં પડી ગયું છે અને તેઓ તેને ગેરમાર્ગે દોરી જાય છે. ભૂરૂં કબૂતર તેને કેટલીય વાર પોતાના તરફ ખેંચવાની કોશિશ કરતું, જેથી સફેદ કબૂતર, સાચી મિત્રતાને પારખે. છતાં તે તેના પ્રયાસમાં હંમેશાં ઊણું ઉતરતું હતું.

એકવાર અહીં સુંદર સફેદ કબૂતર તેના સાથીઓ સંગ બહૂ જ દૂર અજાણી જગ્યાએ ઊડી ગયું. સાંજ થઈ ગઈ, બધાં જ સફેદ કબૂતરો રસ્તો ભૂલી ગયાં. તેથી તેઓને અજાણી જગ્યામાં જ રહેવાનું થયું. આ સુંદર કબૂતર, આમ તો પોતાને ઘણું નિડર માનતું હતું, પરંતુ, હવે તેને ફફડાટ થવા લાગ્યો.


થોડીવાર થઈ ત્યાં જંગલી બિલાડો દેખાયો. તેને કોઇ નવા પંખીઓ આવ્યાની ગંધ આવી ગઈ હતી ! જંગલી બિલાડો તો ખુશખુશાલ થઈ ગયો, કે આજ સારો ખોરાક મળશે. તેથી તે ઝાડ ઉપર ચડી ગયો. સફેદ કબૂતર તેના સાથીઓ સંગ ઝાડ ઉપર સૂવાની કોશિશ કરતું હતું. ત્યાં તો જંગલી બિલાડો સફેદ સુંદર કબૂતરને જોઈ ગયો. તે તો તરાપ મારવા ગયો, કે તરત જ સફેદ કબૂતરના બીજા સાથીઓ ઝડપથી ઊડી ગયા. જંગલી બિલાડો તો આ સુંદર કબૂતરને મોઢામાં પકડી ચાલતો થયો, કે હવે નિરાંતે તેને ખાઉં. બીજી બાજુ ભૂરા કબૂતરે જોયું, કે આજે આ સફેદ કબૂતર અને તેના સાથીઓ મોડેથી દૂર ઊડયા છે; પણ પાછા આવ્યા નથી; તેથી તે પોતાના જીવની પણ પરવા કર્યા વગર તેને શંકા હતી, તે જગ્યાએ જવાને માટે રાત્રે ઊડવા લાગ્યું. બહુ જ ઊડતા; તે થાકી ગયું; તેથી, તે વિશ્રામ કરવા એક ઝાડ ઊપર આવીને બેઠું. કુદરતનું કરવું તે આ સફેદ કબુતર પકડાયું, તે જ સામેના ઝાડ ઉપર ભૂરૂ કબૂતર આવીને બેઠું, થોડીવાર થઈ ત્યાં તેનું ધ્યાન ગયું કે સામેથી પેલો જંગલી બિલાડો સફેદ કબૂતરને મોઢામાં લઈ ચાલતો જતો હતો. પેલા સુંદર કબૂતરને તેના સાથીઓએ જરાપણ મદદ ન કરી, તેથી તે પસ્તાવો કરતું આંખોમાંથી આંસુ સારવા લાગ્યું.

જેવું આ ભૂરા કબૂતરે જોયું કે તરત જ તે સામે એક જંગલી કૂતરો સૂઈ ગયો હતો ,તેના ઉપર જઈને બેઠું; એટલે જંગલી કૂતરો જાગી ગયો અને તેની પાછળ દોડયો. પરંતુ, તે ભૂરું કબૂતર જંગલી બિલાડા પાસે જઈ ચડયું. ત્યાં આ જંગલી કૂતરાએ જંગલી બિલાડાને પોતાના મોઢામાં સફેદ કબૂતર લઈ જતો જોયો.જંગલી કૂતરાએ, જંગલી બિલાડા ઉપર જેવી તરાપ મારી , કે તેનું મોઢું ખુલી ગયું, અને સફેદ કબૂતરને જીવતદાન મળ્યું. તેણે ભૂરા કબૂતરના આ સાહસને વધાવી, પોતાનો જીવ બચાવવા બદલ તેનો હૃદયપૂર્વક આભાર માન્યો. આમ, ત્યાર પછી ભૂરૂ કબૂતર અને સુંદર સફેદ કબૂતર સાથે મળીને તેમના જૂના ઝાડ ઉપર જઈ ચડયાં. પેલા સુંદર કબૂતર હવે પોતાની સુંદરતાનું અભિમાન છોડી દીધું, અને બધાં સારા કબૂતરોની સોબત કરવાનું નક્કી કર્યું. આમ ભૂરા કબૂતરે સફેદ કબૂતરનો જીવ તો બચાવ્યો; પરંતુ, ખરાબ સોબતનું પરિણામ પણ સમજાવ્યું. ત્યાર પછી તે બન્ને તો સારા મિત્રો બન્યા, પરંતુ બીજા સારા પંખીઓ પણ તેમના મિત્રો બન્યા .

બાળદોસ્તો, સોબત હંમેશાં સારા મિત્રોની જ કરશો ને ?

---

૨૧. કળાની કદર



ચંદ્રસેન નામે એક રાજા હતા. તે ઘણા જ ધૂની અને ખૂબ ક્રોધી હતા. છતાં રાજ દરબારમાં તે બુદ્ધિત્વના વિષયો ઉપર જ્ઞાની પુરુષોની ઘણીવાર સભા રાખતા. તેમાં ઘણી ચર્ચાઓ અને સ્પર્ધાઓ પણ થતી હતી. પરંતુ, નિર્ણાયક તબક્કામાં રાજા પોતાનો જ કક્કો સાચો રાખતા હતા.

થોડા સમય બાદ રાજદરબારમાં, મંત્રીની સાથે ચર્ચા કરતાં , રાજાએ નક્કી કર્યું કે આપણા રાજ્યમાં ઘણા જ કવિઓ છે તો આપણે તેઓનું સંમેલન રાખીએ. રાજાએ રાજ્યમાં ઢંઢેરો. પીટાવ્યો કે કવિ મહાશયો રાજ દરબારમાં નિયત દિવસે કાવ્ય પઠન કરશે શ્રેષ્ઠ કાવ્ય રચનાર કવિને, રાજકવિ તરીકે જાહેર કરવામાં આવશે.

રાજ્યમાં કવિઓ તો ઘણા હતા; પરંતુ, રાજા ચંદ્રસેનના અતિ ક્રોધી અને ધૂની સ્વભાવથી પરિચિત હતા તેથી, કોઈને કવિ સંમેલનમાં ખાસ રસ ન જાગ્યો. તેમ છતાં અમુક હોંશીલા કવિઓએ એકવાર પ્રયત્ન કરવાની હિંમત કરી . કવિ સંમેલનના નિયત કરેલ દિવસે રાજદરબારમાં નગરજનો અને કવિ મહાશયો પધાર્યા. દશ બાર કવિઓ હિંમત કરીને આવ્યા હતા. રાજા ચંદ્રસેન રાજદરબારમાં આવી પહોંચ્યા. પરંતુ કવિ સંમેલન શરૂ થતાં, રાજા ચંદ્રસેને કોઈપણ કાવ્યપઠન બાદ, કોઈ વાહ વાહ ને કરતાં, ચૂપચાપ બેસી રહેવાની જાહેરાત કરતાં જ બધા કવિઓ અને નગરજનો સ્તબ્ધ થઈ ગયા.

એક પછી એક કવિઓએ, નિરાશા અને નિરસ થઈ, પોતપોતાના કાવ્યો વાંચી સંભળાવ્યાં. નગરજનોએ પણ ચૂપચાપ કાવ્યપઠન સાંભળ્યું. છેલ્લે રાજાએ પોતાનું એક કાવ્ય પણ સંભળાવ્યું. બધા જ કવિઓ અને નગરજનો ચૂપ બેસી રહ્યા.રાજા અને મંત્રી બન્નેએ ચર્ચા કરી એક કવિ નામે દિવ્યાંસુને રાજકવિ તરીકે ઘોષિત કર્યો. તેને દરરોજ રાજાને અને નગરજનોને અઠવાડિયામાં એકવાર કાવ્ય રચના સંભળાવવાનું કહો. બીજું કોઈ જ માન સન્માન ન આપતાં

કવિ સંમેલન પુરૂ થયું. રાજકવિ દિવ્યાસુ અઠવાડિયામાં સ્વરચિત ત્રણેક કાવ્યનું પઠન કરવા લાગ્યા. નગરજનો પણ સાંભળી ચાલતા થઈ જતા હતા.

ઘણાવાર રાજા અતિ ક્રોધમાં આવી જાય, તો કવિતાઓમાં શબ્દો આમ નહીં અને તેમ વપરાય, આવું કોઈ કાવ્ય હોઈ જ ન શકે એમ બોલી જતા હતા. કવિરાજ, બિચારા ટાઢે કલેજે સાંભળી અને સાંખી લેતા હતા. જો કે તેમનું હૃદય ઘણું જ દુઃખી થઈ જતું હતું. એક સમયે કંટાળીને રાજકવિ શહેરથી દૂર જંગલ તરફ ચાલવા લાગ્યો. ત્યાં એક ઝાડ નીચે એક સંત મહાત્મા એક માત્ર લંગોટ પહેરીને ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા હતા. કવિરાજ તેમની સામેના ઝાડ નીચે જઈ બેઠા. થોડી થોડી વાર બાદ સંત કંઈક પંકિતઓ બોલતા અને વળી અટકી જતા હતા.

“આસમાન મેં ઊડતા હંસ, કૌઓકે બીચ જા ગિરા” આ બે પંકિતઓ વારંવાર બોલતા અને અટકી જતા હતા. જાણે આગળની રચનાના શબ્દો શોધતા ન હોય ! તેઓ વારંવાર આમ કરતા હતા, તેથી કવિરાજે થોડું વિચારી આગળની કડીઓ તેને મનમાં સૂઝતાં તે બોલી ઊઠયા.

“પી ગયા વહ કાલીમા, ધવલ રંગ ખૂબ નિખરા” આ સાંભળી સંત બહુ જ પ્રસન્ન થયા. તેમને આ કડીઓ ખૂબ જ ગમી ગઈ. બંને જણા વારંવાર ચારે કડીઓ ગાતા રહ્યા. તરત જ સંતે કવિરાજને કહ્યું, “વત્સ, મારી પાસે તને ઇનામ આપવામાં તારી શીઘ્ર કવિત્વ શકિતની કદરમાં, મારી લંગોટી સિવાય કશું જ નથી. છતાં પણ તેનાથી ન રહેવાયું. તેણે અડધી લંગોટ ફાડીને તેને માથે બાંધી દીધી. તેનું બહુમાન આશીર્વાદ આપી કર્યું.

કવિરાજ બીજે દિવસે રાજદરબારમાં ગયા, તો રાજા સહિત બધા તેમના ઉપર હસ્યા, ત્યારે કવિરાજે કહ્યું. “તમારા આ મુગટ કરતાં કવિત્વ શકિતની કદર કરતી આ સંતની લંગોટ મારા માટે મોટો ખિતાબ છે.” તેણે આખી ઘટના કહી સંભળાવી. રાજા પણ નીચું જોઈ ગયા અને તેનું સોનામહોરથી સન્માન કર્યું, રાજાનો ક્રોધ અને વ્યકિતત્વ પણ બદલાઈ ગયું.

બોલો, બાળ દોસ્તો, જીવનમાં કળાની કદર કરવા માટે મૂલ્યવાન વસ્તુની નહીં, પણ ભાવના હોવી જરૂરી છે. તમે પણ કળાની કદર કરવામાં કચાશ રાખશો નહીં, હોં ને !
